ૐ હ્રીં અર્હં નમોનમઃ

પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યો નમઃ

# જૈન આદર્શ પ્રસંગો

(સત્ય, વર્તમાન, શ્રેષ્ઠ, ધાર્મિક દૃષ્ટાંતો)

## ભાગ-૧૪


*લેખક : પંન્યાસ ભદ્રેશ્વરવિજયજી ગણિ*

*સહાયક : મુનિ યોગીરત્નવિજયજી મ.સા.*



આવૃત્તિ-બીજી ❖ તા.૧૫-૧૦-૧૬ ❖ નકલ : ૩૦૦૦

❖ પ્રથમ આવૃત્તિ - ૧૪-૪-૧૬, નકલ : ૧૨,૦૦૦

કિંમત ₹ ૨-૦૦


**પ્રાપ્તિસ્થાનો**

**અમદાવાદ :**

❖ શૈશવભાઈ : પાલડી, અમદાવાદ-૦૭, ● મો. ૯૮૨૫૦૧૧૭૨૯

❖ જગતભાઈ : ૪, મૌલિક એપાર્ટમેન્ટ, ઓપેરા ઉપાશ્રય પાસે, સુખીપુરા, પાલડી, અમ.૭ ● મો. : ૯૪૦૮૭૭૬૨૫૯, ફો. : ૦૭૯-૨૬૬૦૮૯૫૫

❖ રાજેશભાઈ : આંબાવાડી, અમદાવાદ-૧૫, ● મો. ૯૪૨૭૬૫૨૭૯૪

❖ નિરંજનભાઈ : ફો. ૦૭૯-૨૬૬૩૮૧૨૭ મીતેશભાઈ : ૯૪૨૭૬૧૩૪૭૨

(તા.ક. બુકો મેળવવા માટે સમય પૂછીને જવું. ૧૨ થી ૪ સિવાય)

**મુંબઈ :**

❖ પ્રબોધભાઈ : યુમેકો, ૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લો માળ, મુંબઈ-૪૦૦૦૦૩ : ફોન : ૨૩૪૩૮૭૫૮, ૯૩૨૨૨૭૯૯૮૬

❖ નીલેશભાઈ : ફોન : ૨૮૭૧૪૬૧૭, મો. : ૯૨૨૧૦૨૪૮૮૮

---


જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૮ (પાકા પુંઠાની) કન્સેશનથી ₹ ૩૫

જૈન આદર્શ પ્રસંગો ભાગ ૧ થી ૧૪ છુટા, દરેકના માત્ર ₹ ૨

જૈન ધર્મની સમજ ભાગ ૧ થી ૩ માત્ર ₹ ૨, પેજ ૪૮

जैन आदर्श कथाएँ ( हिन्दी ) भाग १ से ५ प्रत्येक का ₹ ७

શુભ પ્રસંગે પ્રભાવના કરવા જેવું સસ્તું પુસ્તક

પ્રસંગોના બધા ભાગની કુલ ૬,૫૧,૦૦૦ નકલ છપાઈ

## પ્રાક્કથન

આ પુસ્તકમાં વર્તમાનના શ્રાવકોનાં સત્ય એવાં શ્રેષ્ઠ પ્રેરક દ્રષ્ટાંતો છે. શ્રી મહાવીર ભગવાને ફરમાવ્યું છે કે પાંચમા આરાના અંત સુધી ધર્મ રહેશે તે અનુભવાય છે. અમાસના ઘણા વાદળિયા આકાશમાં પણ પાંચ-પંદર હજાર તારા ટમટમતા હોય ત્યારે પ્રકૃતિપ્રેમીનો મનમોરલો નાચી ઊઠે છે, તેમ **આજના વિલાસી વાતાવરણમાં પણ આવા હજારો ધર્મીઓને જાણી ધર્મપ્રેમીઓના આત્મા ભાવવિભોર થઈ જાય છે !** આજે સર્વત્ર સ્વાર્થ, પ્રપંચ, માત્ર પૈસાનું જ ધ્યેય, વિષય-કષાયોની અત્યંત આસક્તિ વગેરે લગભગ બધે ફેલાઈ ગયાં છે પણ આવા ધર્મપ્રેમીઓ, સાધકો, આરાધકો, પરોપકારી, ગુણી જીવો પણ ઘણાં સંઘોમાં હોય છે ! આપણા આત્માને પ્રેરણા કરતા આવા સત્ય પ્રસંગો ઘણાં બધાંને ગમે છે.

આ આરાધકો જેવાં જ આપણે પણ માનવી છીએ ! પુરૂષાર્થથી આપણામાં પણ આવી વધતી-ઓછી આરાધના જરૂર આવે. **પૂજા, વ્યાખ્યાન, સામાયિક, તત્ત્વ-અભ્યાસ આટલું તો મેળવવું બધા જ શ્રાવકો માટે જરૂરી ગણાય.** આથી ભવોભવ તમને પણ પ્રાયઃ જિનશાસન, આરાધક-ભાવ, ધર્મસામગ્રી વગેરે મળશે. પોતાનાથી આરાધના ન થાય તેઓ પણ જો આવા ધર્મીઓની ભાવથી અનુમોદના કરે તો આરાધના વહેલી મોડી જીવનમાં આવે.

નોકરી કરનારને કંપની તરફથી અમેરિકા જવા મળે તો શું કરે ? થોડું - ઘણું કમાઈ લે કે ફરે ? ધર્મે તમને અનંતકાળે જિનશાસન આપ્યું છે. હવે શું કરવું છે - આત્મકમાણી કરવા ધર્મ ? કે પશુની જેમ તુચ્છ ભોગવિલાસ, સ્વાર્થ વગેરે ?

અનેક સાધુ ભગવંતો, શ્રાવકો વગેરેએ ઉદારતાથી પ્રસંગો અમને મોકલી સુંદર પરોપકાર કર્યો છે. તેઓની અનુમોદના...

# જૈન આદર્શ પ્રસંગો

# ભાગ-૧૪

## (૧) ગિરિરાજની યાત્રા આપે સંયમની યાત્રા

એક શ્રાવિકા બેનની દીક્ષાની ભાવના ઘણી હતી પરંતુ ઘરમાંથી માતા-પિતાની રજા ન મળતા લગ્ન થયા. લગ્ન બાદ શ્રાવક સાથે પાલીતાણાની યાત્રા કરવા ગયા. શ્રાવકનું શરીર થોડું વધારે અને પહેલી વાર યાત્રા કરવા આવ્યા એટલે થાક લાગે. શ્રાવિકાએ હાથનો ટેકો આપીને ચડાવવાની શરૂઆત કરી.

રસ્તામાં એક સાધ્વીજીને જોયા. આ સાધ્વીજી પોતાના ઉંમરલાયક ગુરુણીને ટેકો આપીને ચડાવી રહ્યા હતા. શ્રાવક અને શ્રાવિકાએ આ દૃશ્ય જોયું. **શ્રાવિકાની આંખમાંથી આંસુ નીકળવા લાગ્યા.** વિચારવા લાગ્યા કે આ સાધ્વીજી સંયમના માર્ગે ગુરુણીને ટેકો આપી રહ્યા છે. એક બાજુ સંસાર માંડીને હું પાપના રસ્તે અને આ સાધ્વીજી સંયમ દ્વારા સાધના-પુણ્યના માર્ગે આગળ વધી રહ્યા છે. હે આદિનાથ દાદા ! મને પણ ક્યારે આ સંયમ મળશે ?

ઘણા થાક છતાં પણ શ્રાવિકાએ ટેકો આપીને શ્રાવકને જ્યારે ઉપર પહોંચાડ્યા ત્યારે દાદાના દરબાર પહોંચીને શ્રાવકે પૂછ્યું, ''ખરેખર ! તેં ખૂબ શ્રમ વેઠીને મને સહાય કરી. આજે તારા કારણે આ દાદાના દર્શન જીવનમાં પહેલી વાર કરી રહ્યો છું. **આજે દાદાના દર્શન કરતા ખૂબ આનંદ આવ્યો છે. આજે તારી જે ઈચ્છા હોય તે તું માંગ !''**

બે ત્રણ વાર પૂછવા છતાં શ્રાવિકાએ કોઈ જવાબ ન આપતાં શ્રાવકે આગ્રહ કર્યો, ત્યારે છેલ્લી વાર શ્રાવિકા બોલ્યા કે **તમારે જો ખરેખર મને આપવું હોય તો સંયમ લેવાની રજા આપો !**

શ્રાવક આ સાંભળી શ્રાવિકા અને દાદા સામે વારંવાર જોવા લાગ્યા. દેવ-ગુરુની કૃપાના પ્રભાવે, શ્રાવિકાના શુભ ભાવના પ્રભાવે, ગિરિરાજ ઉપરથી સિદ્ધત્વને વરેલા અનંત સિદ્ધોના અતિપવિત્ર સુવિશુદ્ધ આત્મચૈતન્યના પ્રભાવે શ્રાવકે છેલ્લે દાદા સમક્ષ **શ્રાવિકાને સંયમ લેવાની રજા આપી.** રંગેચંગે એમની દીક્ષા થઈ. એ સાધ્વીજી ભગવંતનું નામ છે. પૂ. શ્રી પદ્મદર્શિતાશ્રીજી. આજે તો એ ઉત્તમ રીતે સંયમનું પાલન કરી રહ્યાં છે.

**વાચકો ! એટલો તો સંકલ્પ કરજો કે સંયમ લઈ શકીએ તો ધન્ય જીવન ! પરંતુ ન લઈ શકીએ તો સંયમ લેવાની ભાવનાવાળાને કદી અંતરાય તો નહીં જ કરીએ !!**

## (૨) હે ગિરિરાજ અચિંત્ય તારો પુણ્ય પ્રભાવ !

સાધના ક્ષેત્રે રોજ નવો રેકોર્ડ સ્થાપિત થતો હોય તેવું ક્ષેત્ર એટલે સિદ્ધક્ષેત્ર. આ સિદ્ધગિરિ તીર્થમાં દર વર્ષે કોઈક નવીન જ સામૂહિક આરાધનાની શરૂઆત થાય. વિ.સં. ૨૦૭૨માં NRI વિદેશીઓની ૯૯ યાત્રા પૂ.આ.શ્રી અક્ષયબોધિસૂરિજીની નિશ્રામાં થઈ. અનેક ભાવિકો વિદેશથી પણ આ ગિરિરાજની ૯૯ યાત્રા કરવા દોડી આવ્યા.

એક નવ વર્ષની બાળકીને સાથે લઈને દુબઈ સ્થિત એક મા પણ એમાં જોડાઈ. માને શરૂમાં થોડી તકલીફ પડી પરંતુ ધીમે ધીમે યાત્રાઓ સારી થવા માંડી. બાળકીને સાચવવા માટે પોતાના સાસુને પણ જોડે બોલાવી લીધેલા. ચોવિહારો છઠ્ઠ કરીને સાત યાત્રાના દિવસોમાં માની સાથે બાળકી પણ જોડાઈ.આદિનાથ દાદાની અપરંપાર કૃપાના પ્રભાવે **માની સાથે બાળકીએ પણ સાત યાત્રા ચોવિહાર છઠ્ઠ કરીને પૂર્ણ કરી.** દુબઈથી અહીં આવી ન શકેલા પપ્પાને જ્યારે બાળકીએ આ સમાચાર આપ્યા ત્યારે પપ્પા

ખૂબ જ ખુશ થઈ ગયા. ફોન પર જ પપ્પાએ દીકરીને પૂછ્યું, **"તારી જે ઈચ્છા હોય તે વસ્તુ મને કહે. હું તને અપાવીશ."** બાળકી કંઈ ન બોલી.

પપ્પાએ જ્યારે બીજી વાર પૂછ્યું ત્યારે બાળકીએ જવાબ આપ્યો, "તમારે જો મને ખરેખર આપવું હોય તો **આપણા ઘરમાં આ આદિનાથ દાદાનું મંદિર બને તેવું કરી આપો."** ફોન પર આ સાંભળીને સૌની આંખમાંથી આંસુ વહી રહ્યા. હાલમાં એમના ઘરે દર્શનીય મૂર્તિ પધરાવી છે.

નવ વર્ષની બાળકીના હૃદયના તાર આદિનાથ દાદા સાથે જે રીતે જોડાયા તેવા શું આપણે જોડી ન શકીએ ? એટલું તો નક્કી કરો કે **આદિનાથદાદાની યાત્રા કરીએ તે દિવસે ઓછામાં ઓછું રાત્રિભોજન ત્યાગ તો કરીએ જ.**

એ જ ૯૯ યાત્રા દરમ્યાન એક ભાઈને યાત્રા કરીને નીચે ઉતરતા ક્યાંક પગ અથડાયો. પગમાં ભયંકર દુઃખાવો અને સોજો ચડી ગયાં. યાત્રાઓ અટકી ગઈ. ૨ દિવસ બાદ પોષદશમીના દિવસો આવ્યા. ભાવિકને વિચાર આવ્યો કે આમ પણ યાત્રા તો થતી નથી, ચડાતું જ નથી. બેઠા બેઠા પોષ દશમીનો અઠ્ઠમ તો કરું અને પહેલા ઉપવાસનું પચક્ખાણ સવારે લીધું. થોડીક મિનિટોમાં હૃદયમાં સરવાણી ફૂટવા માંડી, **"આજે ઉપવાસ અને દાદાની યાત્રા ન થાય એ તો કેમ બને ? આજે પ્રયત્ન તો કરવા દે. થશે તો યાત્રા કરશું."**

તળેટીએ આવ્યા. દાદાને ભાવથી પ્રાર્થના કરી અને દાદાના નામનો જાપ કરતાં કરતાં ચડવા લાગ્યા. જેમ જેમ ચડતા ગયા તેમ પગમાં જોમ આવતું ગયું અને પ્રથમ યાત્રામાં ઉપર દાદાના

દરબારમાં પહોંચી દાદાને પ્રાર્થના કરવા લાગ્યા, ''હે દયા સિંધુ ! આપની કૃપાથી હજારો ભાવિકો આપની યાત્રા કરે છે. દાદા ! મને પણ તેં જ યાત્રા કરાવી.'' વિધિ પૂર્ણ કરી નીચે ઉતર્યા અને તળેટીએ ચૈત્યવંદન કરતા પાછા ભાવ જાગ્યા કે દાદાએ એક યાત્રા કરાવી તો લાવ બીજી યાત્રા પણ કરું અને બીજી, ત્રીજી... સાત યાત્રા પ્રથમ દિવસે પૂર્ણ કરી !

બીજા ઉપવાસમાં બીજે દિવસે વળી પાછા ભાવ થતા ૩ યાત્રા અને ત્રીજા ઉપવાસમાં ૩ યાત્રા એમ કુલ અઠ્ઠમમાં ૧૩ યાત્રા પૂર્ણ કરી ! પારણાના દિવસે એક યાત્રા કરીને પછી પારણું કર્યું. જય હો ગિરિરાજનો !!

## (૩) "બાય વન ગેટ ટુ ફ્રી"

સાબરમતીના એ પરિવારની દીક્ષા અદ્દભૂત રીતે થઈ તેની વાત **દીક્ષાર્થી કૃપેશભાઈના શબ્દોમાં વાંચીએ.**

વિ.સં. ૨૦૭૦ની સાલ, પ.પૂ.ગચ્છાધીપતિ શ્રી હેમપ્રભસૂરિશ્વરજી મ.સા.નો સાબરમતીમાં ચાતુર્માસ પ્રવેશ થયો. પૂજ્યશ્રીને જોયાં અને મનનો મોરલિયો નાચી ઊઠ્યો. મન બોલી ઉઠ્યું, ''ગુરૂ મળો તો આવા મળજો, મારી ભવભ્રમણા દૂર ટળજો. સમકિત બીજ આરોપણ કરજો.''

પુત્ર મોક્ષિત જ્યારે વેકેશનમાં મહેસાણા પાઠશાળાથી ઘરે આવ્યો ત્યારે પૂ. હેમહર્ષ વિ. મ.સા.નો પરિચય થયો. આસો મહિનામાં મારી મમ્મીનું પાલીતાણા ચાતુર્માસમાં મૃત્યુ થયું એટલે મોક્ષિત ઘરે આવ્યો. અને શોકનું વાતાવરણ જોઈને થોડો વૈરાગ્ય થયો. ત્યારે તેને પૂ. હેમહર્ષ મ.સા.ને વૈરાગ્ય થયાની વાત કરી.

મને પૂ. હેમહર્ષ મ.સા. એ વાત કરી કે મોક્ષિતે આવી વાત કરી છે. ત્યારે મે મ.સા.ને મારી સ્કીમની વાત કરી. "બાય વન ગેટ ટુ ફ્રી" એટલે કે પુત્ર મોક્ષિતને તૈયાર કરો તો અમેપણ બંને સાથે આવી જઈશું. અમારા પરિવારે પ.પૂ.આ. લલિતપ્રભસૂરિજીને ગુરૂ બનાવ્યાં. પછી ચાતુર્માસ બાદ મોક્ષિત પણ તેમની સાથે રાજસ્થાન તરફ વિહારમાં ગયો. અને પાછો આવ્યો ત્યારે બે-ત્રણ દિવસ પછી ઘરે તેને તાવ આવ્યો અને બે-ત્રણ દિવસમાં તેનો આ તાવ ઝેરી મેલેરીયાના રૂપમાં ફરી ગયો. હિમોગ્લોબીન ૩% થઈ ગયું અને I.C.U.માં દાખલ કરવો પડ્યો. ડૉક્ટરે મને બોલાવીને કહ્યું કે આ બાળકને બચવાના 50% ચાન્સ છે. હું તો ટેન્શનમાં આવી ગયો. આ શું ? ગુરૂદેવને વાત કરી. ગુરૂદેવ તરફથી અદ્દભૂત આશ્વાસન મળ્યું. પૂજ્યશ્રી તે વખતે જીરાવલાતીર્થમાં પોષદશમીના અઠ્ઠમ તપની 1000 લોકોને આરાધના કરાવતા હતા. સવારે જીરાવલા દાદાના જાપ કરાવ્યાં આ બાજુ ટ્રીટમેન્ટ ચાલુ થઈ, ડાયાલીસસ કર્યું અને જાણે દાદા સ્વયં હૉસ્પિટલમાં આવી ગયા હોય તેમ તબિયતમાં સુધારો થવા માંડ્યો. પછી 20 દિવસ હૉસ્પિટલમાં રાખી તેને ઘરે લાવ્યા અને બે મહિના જેવું ઘરે રાખીને તેનું હિમોગ્લોબીન 15% સુધી થયું અને પછી ડૉક્ટરે નોર્મલ કહ્યું પછી તેને પાછો મહેસાણા યશોવિજયજી પાઠશાળા ભણવા મોકલ્યો.

ત્રણ દિવસ પછી મોક્ષિતનો ફોન આવ્યો કે પપ્પા મને શું થયું હતું ? કારણ કે મોક્ષિત બિમાર પડ્યો ત્યારે કોઈ ભાન ન હતું. મે તેને આખી વાત કરી. ત્યારે મોક્ષિતને એમ લાગ્યું કે તે

મોતને ભેટીને પાછો આવ્યો છે. પછી બીજા દિવસે મોક્ષિત ઘરે આવ્યો અને મને કહે પપ્પા મૃત્યુ-રોગ-વૃદ્ધાવસ્થા આપણી પાછળ જ લાગેલા છે. એ સત્ય મને સમજાયું છે. હવે હું સંસારમાં રહેવા માંગતો નથી. માટે મારે દિક્ષા લેવી છે.'' આ વાત સાંભળીને હું ખુશ થઈ ગયો. અમે ત્રણે તૈયાર થયા અને તારીખ 12-6-2015ના રોજ શુભ મુહુર્તે સાબરમતીના આંગણે પ.પૂ.ગચ્છાધિપતિ હેમપ્રભસૂરિજીની નિશ્રામાં સપરિવાર અમારી દિક્ષા થઈ.

## (૪) ૯૯ યાત્રાનો ઉત્કૃષ્ટ સંકલ્પ

ભાવનગરનાં બે શ્રાવિકાબેનો-બહેનપણીઓને ભાવના જાગી કે અમારે શત્રુંજય ગિરિરાજની ૯૯ યાત્રા કરવી છે. પરંતુ ઘરમાં રસોઈથી માંડી બધી જવાબદારી એમના માથે હતી. ઘર છોડીને દોઢ મહિનો પાલીતાણા રોકાવું શક્ય ન બન્યું. વર્ષો નીકળતા ગયા અને એકવાર બંને મળ્યા, ત્યારે ૯૯ યાત્રા માટેનો છેલ્લો ઉપાય અજમાવ્યો. નક્કી કર્યું કે રોજ સવારે વહેલા ઊઠી ઘરની રસોઈ બનાવી દઈશું. સવારે ૬-૭ વાગે તૈયાર થઈ ટ્રેન-બસ જે મળશે તેમાં બેસી પાલીતાણા પહોંચીશું. ત્યાં રોજની ૧-૨ જાત્રા કરી બપોરે પાછા આવી સાંજની ઘરની રસોઈ કરશું. ૯૯ યાત્રા પણ સચવાઈ જાય અને ઘરના કામકાજ મોટે ભાગે સચવાઈ જાય. એકવાર શરૂ કરીએ પછી 'દેખા જાયેગા'.

શરૂઆત કર્યા બાદ અઠવાડિયું થોડી તકલીફ પડી. સવારે ૮-૯ વાગે પાલીતાણા પહોંચી જાત્રા શરૂ કરતા. જય તળેટીથી દાદાના દરબાર, ત્યાંથી ઘેટીની જાત્રા કરી પાછા ઉપર દાદા પાસે

પહોંચી ત્યાં શાંતિથી પક્ષાલ, પૂજા કરી **ત્રણ વાગે આશરે નીચે આવતા. એકાસણાની વ્યવસ્થા ન થતાં ભાતાખાતામાં જ જે મળે તેનાથી એકાસણું કરતાં.** સાંજે ૫-૬ વાગે ઘેર પહોંચે. સાંજની રસોઈ-દિવસનું બધું કામ પતાવે. બીજે દિવસે સવારે રસોઈ કરી પાછા જાત્રા કરવા જાય. આમને આમ અગવડો વેઠીને પણ ભાવનગરથી પાલીતાણાની ૯૯ યાત્રા ચાલુ થઈ.

**સંસારનું ક્ષેત્ર એટલે શરૂમાં સહેલુ પછી અઘરું. જ્યારે ધર્મનું ક્ષેત્ર એટલે શરૂમાં અઘરું પછી સહેલું.** થોડા દિવસમાં તો પાલીતાણામાં જેમની ૯૯ યાત્રા ચાલુ હતી, તેવા લાભાર્થી પરિવારને આ શ્રાવિકાઓની ૯૯ યાત્રાની જાણ થતા સામેથી વિનંતી કરી કે એકાસણાનો લાભ રોજ અમને આપજો. દાદાની કૃપાના પ્રભાવે આખી ૯૯ યાત્રા આજ રીતે ભાવનગરથી રોજ આવીને પૂર્ણ કરી. આપણે પણ સંકલ્પ કરીએ કે ૯૯ યાત્રા ન થાય, ત્યાં સુધી એક વસ્તુ ખાવાની બંધ ! શું આપણે આટલું ન કરી શકીએ ? સંકલ્પ કરી જુઓ... તમારા અંતરાયો દૂર થઈને જ રહેશે !

## (૫) પ્રાર્થના યુવક મંડળને સો સો સલામ

આ.શ્રી હેમરત્નસૂરીશ્વરજી મ.સા એ ભાવનગરમાં વિ.સં. ૨૦૪૫માં પ્રાર્થના મંડળની સ્થાપના કરી. પરમાત્માની ભક્તિથી માંડી શાસનના અનેક કાર્યો આ પ્રાર્થના મંડળે કરવાની શરૂઆત કરી ! લગભગ ૧૦૦૦ યુવાનો આમાં હાલમાં પણ જોડાયેલા છે. દર મહિને પ્રથમ રવિવારે બધા યુવાનોની બપોરે ધર્મસભા ભેગી થાય જેમાં યુવાનોને દેવ ગુરુ-ધર્મની મહત્તા સમજાવવામાં આવે.

પાલીતાણા ગિરિરાજ પર કારતકી પૂનમ, ફાગણ સુદ ૧૩, ચૈત્રી પૂનમ, દાદાની સાલગિરિ વૈશાખ વદ છઠ્ઠ વિગેરે વર્ષનાં

મોટા દિવસોમાં યાત્રાળુઓની વ્યવસ્થા કરે. તેમજ સાધુ-સાધ્વીજીને અગવડ ન પડે તે માટેની વ્યવસ્થા કરે. રોજે રોજ દાદાના દરબારમાં આવતા ફળ-નૈવેદ્યને પૂજારીઓ અલગ પાડે પછી ગિરિરાજ ઉપરથી માણસો પાસે નીચે ઉતરાવવાના, ટેમ્પાઓમાં ભરાવવાના, પાલીતાણાથી માંડી ભાવનગર સુધીના અનેક અજૈન ગામોમાં સ્કૂલોમાં, ઘરડાઘરોમાં, હોસ્પિટલોમાં, ગરીબોમાં અનાથાશ્રમોમાં પહોંચાડવાની વ્યવસ્થા કરે. ફળોને અડધા સમારી પછી જ આપવાના જેથી વેચવાનો પ્રશ્ન ન રહે ! નૈવેદ્ય પણ ટૂકડા કરીને આપવાના, આ ફળ, નૈવેદ્યની અનુકંપાભક્તિનો લાભ આણંદજી કલ્યાણજી તરફથી દેવદ્રવ્યનો જે નકરો વધુ રૂપિયા બોલે તેને મળે. આ મંડળ એ બોલીબોલીને, તેના દાતાઓ ઊભા કરી રકમ જમા કરાવે. કેમ કે ફળ, નૈવેદ્ય એ દેવદ્રવ્યનું છે. એટલે એને અનુકંપામાં મફતમાં ન આપી શકાય. દેવદ્રવ્યમાં આણંદજી કલ્યાણજી પેઢીને સર્વ સાધારણની ચોખ્ખી રકમ આપવી પડે.

સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ, હોસ્પિટલમાં લઈ જવાથી માંડી, ત્યાં કોઈને રોકવા પડે તો તેની વ્યવસ્થા, વિહારોની વ્યવસ્થા કરે છે.

છ'રી પાલિત સંઘોની વ્યવસ્થા, શિબિરોની વ્યવસ્થા કરે. પાલીતાણા ગિરિરાજ પર ૮ મહિના દરમ્યાન દર ત્રણ ત્રણ દિવસે નવટૂંકભક્તિ ગ્રુપ બદલાયા કરે. જેમાં કુલ ૮૦ ટીમો જોઈએ. પૂનાથી માંડી દૂરદૂરથી નવટૂંકની અંગેની સમજણ આપવાની. કેટલીકવાર બહારની ટીમ ગોઠવાઈ ન હોય અથવા કારણસર કેન્સલ થઈ હોય ત્યારે પ્રાર્થના ગ્રુપના યુવાનો પોતાની ઓફિસ વિ. છોડીને પણ ત્રણ દિવસ સાચવી લે.

એકવાર એક પાંજરાપોળવાળા માણસો પોતાની માંગણીઓ ન પૂરી થાય ત્યાં સુધી હડતાલ પર ઉતર્યા. તેવા સમયે રોજ આ ગ્રુપના અલગ અલગ યુવાનોની ટીમ વારાફરતી જતી અને પશુઓને સાચવી લીધા. એક સાથે સેંકડો ઢોરોને બચાવવા બીજી પાંજરાપોળમાં લઈ જવાના થયા, તો સવારથી સાંજ સુધી ઢોરોની જોડે ચાલતા ચાલતા ગયા અને અનુકંપાભક્તિ કરી. પ્રાર્થના યુવક મંડળના યુવાનોને સો સો સલામ સાથે અંતરથી ભાવભરી અનુમોદના કરજો.

## (૬) ધન્ય ઉદારતા

ગાંધીનગરના એક શ્રીમંત પરિવારના બેન ઉપધાન કરવા ગયા. દેવ-ગુરુ કૃપાથી ઉપધાન સુંદર થયા. માળના ચડાવાનો દિવસ આવ્યો. બેને આરાધકોમાં એક છોકરીને જોઈ કે જેનો પરિવાર બહુ સામાન્ય. છોકરીને ખૂબ જ ઉત્સાહ કે મારે ઉપધાનની માળ ચડાવાથી જ પહેરવી છે અને એ પણ શક્ય એટલી બધાથી આગળ. એની ભાવના આ બેને જાણી. છોકરીના પિતાએ ૫,૦૦૦ રૂા. સુધી બોલવાની હા પાડી. પરંતુ આવા ઉલ્લાસમય વાતાવરણમાં ૫૦૦૦ની રકમ તો ખૂબ નાની કહેવાય.

આ શ્રાવિકાબેને પોતાના શ્રાવકને જણાવ્યું કે તમારે જો મને માળ આગળના ક્રમાંકે જલદીથી પહેરાવી હોય તો મારી એક શરત છે કે **આ છોકરીની માળ અને મારી માળ એક સાથે જ થવી જોઈએ, વચ્ચે અંતર નહિ. તમારે એ જ રીતે ચડાવો લેવાનો.** મારી જેમ એ છોકરીનો ચડાવો પણ તમારે મોટી રકમથી લેવો પડશે અને ખરેખર શ્રાવકે એમ જ કર્યું.

ચડાવો બોલાયા પછી જ્યારે એ છોકરીનું નામ જાહેર થયું ત્યારે એ છોકરી નાચવા જ લાગી. છોકરીનાં માતા-પિતાને જ્યારે શ્રાવિકાની ભાવનાના સમાચાર મળ્યા ત્યારે માતા-પિતા બંનેની આંખમાંથી શ્રાવણ-ભાદરવાની જેમ આંસુઓ વહેવા માંડ્યા ! આ સાંભળીને અનેક ભાગ્યશાળીઓએ એ પરિવારની અનુમોદના કરી.

વાચકો ! જિનશાસનની આવી ઉદારતાની અનેક વાતો આજે જેટલી બહાર પડે છે એના કરતા અનેકગણી ગુપ્ત રહે છે. કેટલાય ભાવિકો કોઈને ય જાણ ન થાય, પરિવારના વ્યક્તિઓને પણ ખબર ન પડે તેમ ગુપ્ત રીતે આવી ભક્તિ કરતા અમે જોયેલા છે, સાંભળ્યા છે. અનુમોદના તો કરજો જ પરંતુ ભાવથી બોલજો કે, **"અદ્‌ભૂત એવા જિનશાસનને વંદન વંદન વંદન !!!"**

## (૭) જાપથી અંતરાય નાશ

નડિયાદમાં રહેતી ખુશ્બુના ધર્મી સંસ્કારી ઘરમાં બધાની ધર્મભાવના સારી. **અઠ્ઠાઈ, ૧૬ ઉપવાસ, માસક્ષમણથી આગળ વધી વર્ષીતપ પણ ખુશ્બુએ સુંદર રીતે કર્યો.** છ'રી પાલિત સંઘમાં પણ બે વાર જવાનું થયું. ખુશ્બુના માતુશ્રી પણ ધર્મની આરાધના ખૂબ કરતાં. લગ્નની વયે ખુશ્બુના લગ્ન બોરસદમાં રહેતા અંકુરભાઈ સાથે થયા. પરણ્યા બાદ વીર્યાંતરાય કર્મના ઉદયે જ્યારે તપ કરવાની શરૂઆત કરે ત્યારે અનિવાર્ય કારણોસર પારણું કરી દેવું પડે, તપ પૂરો થાય જ નહિ. જાત્રા કરવા જવાનું નક્કી થાય અને જતા પૂર્વે જ ખુશ્બુ અંતરાયમાં (M.C.) આવે અને છેવટે

પોતાની ટીકીટ કેન્સલ. વારંવાર આવું થવા માંડતા **ખુશ્બુ વિચારે કે મારા કર્મો કેમ મને વારંવાર નડે છે ?**

એક વાર ખુશ્બુની મમ્મીએ એને કહ્યું, "બેટા ! મને એક સાધ્વીજી ભગવંતે અંતરાયકર્મનો નાશ કરવા એક મંત્ર આપ્યો હતો. તું પણ એ મંત્રનો જાપ રોજ ૧૦૮ વાર કરવાનું રાખ. મંત્રના પ્રભાવે અવશ્ય કામ થશે." માએ મંત્ર ખુશ્બુને આપ્યો. પહેલા શામળા પાર્શ્વનાથ પ્રભુની ૧ માળા અને પછી આ મંત્રનો ખુશ્બુ રોજ ૧૦૮નો જાપ કરવા લાગી. માત્ર થોડાક જ મહિનામાં તો **તેની તપ અને યાત્રાની આરાધના સારી રીતે થવા માંડી, અંતરાયો તૂટ્યા.** ખૂબ શ્રદ્ધાથી બંને જાપ ચાલુ રાખ્યા.

લગ્ન બાદ શરૂઆતમાં ૬-૮ મહિના બાળક ન રહેતા બીજા અનેક પ્રયત્નો કર્યા. છતાં સફળતા ન મળી ત્યારે **આ જાપના પ્રભાવે એક દીકરો પણ આવ્યો.** વળી પાછા ૩-૪ વર્ષે બાળક રહ્યું. લેડી ડૉક્ટરને બતાવતા કહ્યું કે પેટમાં બે બાળક છે. એકનો વિકાસ સારો છે, બીજાનો વિકાસ સાવ ઓછો છે. બીજું બાળક મહાભયંકર માંદગી લઈને આવશે. ખુશ્બુને ગર્ભપાતની કોઈકે સલાહ આપી પરંતુ ખુશ્બુએ સાફ ના પાડી દીધી. ખુશ્બુના શબ્દો હતા : **પંચેન્દ્રિય જીવની હત્યા તો મહાપાપ છે, નરકગતિનું કારણ છે.** સગી મા-સાચી મા કદીય સંતાન હત્યાનું પાપ કરે એ શક્ય જ નથી. માટે તમે કોઈ મને આવી વાત કરશો જ નહિ. **બાળક ભલે અપંગ આવશે તો ય હું એને સાચવીશ** પરંતુ ગર્ભપાતનું પાપ તો સ્વપ્નમાં પણ શક્ય નથી. પછી તો **આ બે જાપને સતત ચાલુ જ રાખ્યા.** છેવટે એક બાળકીનો જન્મ થયો અને જોડેનું બાળક અગમ્ય

કારણોસર વિકાસ પામ્યા વગર જ આયુષ્ય પૂર્ણ કરી એની જાતે ચાલ્યું ગયું. આજે એ બાળકી એક વર્ષથી મોટી છે.

આવા તો અનેક વિવિધ મંત્રો આજે પણ જૈન શાસ્ત્રોમાં મળે છે. ગુરુ ભગવંતો પાસે વિનંતી કરી સમ્યગ્ વિધિ, ભાવથી આરાધના કરતા અવશ્ય ફળે છે.

## (૮) ઐસી દશા હો ભગવન્ !

મુલુંડ, મુંબઈમાં એકવાર બપોરે ૧૧-૩૦ વાગે એક ઘરમાં વહોરવા જવાનું થયું. ઘરની વ્યક્તિએ વિનંતી કરી, "પૂજ્ય શ્રી ! અમારા દાદાની બહુ મોટી ઉંમર છે. પથારીમાં જ બધું કરાવવું પડે છે. આપ શ્રી એમને માંગલિક સંભળાવો તો સારું."

**ગોચરી સમયે માંગલિક સંભળાવવું કે પચ્ચક્ખાણ આપવું એ સાધુનો આચાર નથી** અને શ્રાવકો પણ સામાન્યથી એમ સમજે છે. પરંતુ આવા અશક્ત, માંદા માણસ કે જે ઘરની બહાર જ ન નીકળી શકતા હોય તેથી એમની ભાવનાને કારણે ગોચરીમાં માંગલિક સંભળાવ્યું. દાદાએ મારી પાસે પચ્ચક્ખાણ માંગ્યું. મને એમ થયું કે માંદા છે એટલે સવારનું ખાધેલું ભૂલી ગયા હશે. મેં દાદાને પૂછ્યું, "તમે સવારે નવકારશી તો કરી હતી ને ?"

દાદાએ જવાબ આપ્યો, "ના ! સવારથી હજી સુધી મેં કાંઈ ખાધું-પીધું નથી."

મેં પૂછ્યું, "સવારે કેટલા વાગ્યે ઉઠ્યા હતા ?"

દાદા કહે, "૬-૩૦ વાગ્યાની આસપાસ."

મને આશ્ચર્ય થયું કે સવારના ૬-૩૦ થી અત્યારે ૧૧-૩૦, પાંચ કલાક એમણે શું કર્યું ?

મેં એ પાંચ કલાક અંગે પૂછતાં દાદાએ જવાબ આપ્યો, **"રોજ સવારે આશરે ૬-૩૦ વાગે ઉઠીને હું શત્રુંજય તીર્થની ભાવયાત્રા કરું છું.** ક્યારેક ૪ કલાકે, ક્યારેક ૫ કલાકે પૂરી થાય. આપ હમણાં પધાર્યા એ પહેલાં જ મારી ભાવયાત્રા પૂરી થઈ એટલે મેં પચ્ચક્ખાણ માંગ્યું. ભાવયાત્રામાં ભાવથી પાલીતાણા ગામ તળેટી પહોંચી યાત્રાની શરૂઆત કરું. જય તળેટી-દેરીઓ-પગલાં બધાને ભાવથી વંદના કરી ઉપર ચડવાની શરુઆત કરું. દરેક જિનાલયો, દેરીઓ, પગલાં, પરબો, કુંડો બધું જ મને યાદ છે. એ પ્રમાણે યાત્રામાં આગળ વધતાં હાથી પોળ સુધી પહોચું. ત્યાં નાહીને પૂજાના કપડા પહેરી આદિનાથ દાદાની પ્રદક્ષિણા, અષ્ટપ્રકારી પૂજા, અંગલૂછણાં વિગેરે ભાવથી કરી નીચે પાછો ઉતરું ત્યારે કુલ ૪ થી ૫ કલાક જેટલો સમય જાય. ભાવયાત્રા કરતાં ખૂબ આનંદ આવે છે. **શરીરની નબળી પરિસ્થિતિ, વેદનાઓ, પરિવાર બધાને ભૂલી ભાવયાત્રામાં ઓતપ્રોત બની જાઉં છું."**

એમની ભાવના જાણી, અનુમોદના કરી, પચ્ચક્ખાણ આપી હું ગોચરી વહોરવા આગળ ગયો.

વાચકો ! આ સત્ય દૃષ્ટાંતને શાંતિથી વાંચજો, વિચારજો, અપનાવજો. સંપૂર્ણ પથારીવશ એવા દાદા જે રીતે આરાધના કરે છે તેમ આપણે પણ **ઘડપણ, એક્સીડન્ટ જેવા દિવસોમાં આવી આરાધના કરી શકીએ.**

## (૯) આરતીનો ચમત્કાર

આદિનાથ પ્રભુનું ગૃહ જિનાલય. અમદાવાદની પોળમાંથી ૪૦૦ વર્ષ પ્રાચીન પંચ ધાતુના પંચતીર્થી શ્રી આદિનાથ પ્રભુને એ

પરિવારે પાલડી, અમદાવાદમાં ગૃહજિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન કર્યા. સાંજના સમયે આરતી ઉતારતા હોય ત્યારે **પ્રભુજીના મસ્તક પર રહેલું છત્ર તથા આજુબાજુ લટકાવેલા ચામરો જાતે જ ગોળ ગોળ ફરવા માંડે !** સાંજે સામાન્યથી આરતી આશરે છ વાગે ઉતારે પરંતુ ક્યારેક રાત્રે ૮, ૯, ૧૦ વાગે પણ કારણોસર ઉતારે ત્યારે પણ આ જ રીતે છત્ર અને ચામરો ફરે છે.

પૂ. ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા. એક વાર જ્યારે સવારે દર્શન કરવા પધાર્યા ત્યારે પૂજ્યશ્રીની પધરામણીના આનંદમાં આરતી ઉતારી તો સવારે પણ એ જ પ્રમાણે છત્ર, ચામર ગોળ ફરવા લાગ્યા. ઓપેરા સોસાયટી પાસે **પુણ્યતીર્થ ફ્લેટમાં** આ ગૃહજિનાલયના દર્શન કરવાનું ચૂકતા નહિ.

આજે પણ સમકિતી દેવો પ્રભુભક્તિમાં જાગૃત છે જ, જેના પ્રભાવે આ પ્રભુજીનો ચમત્કાર જોવા મળે છે. અમીઝરણાં, કેસરના છાંટણાં, અખંડ દીપકની કેસરવર્ણી જ્યોત વિગેરે અનેક પ્રભાવો કલિકાલમાં પણ જોવા મળે છે. અખંડ અભિષેકાદિ અનુષ્ઠાનોના પ્રભાવે **ઉપસર્ગોથી રક્ષા, વિઘ્નનાશ, મહામંગલાદિ અનેક લાભો થાય જ છે.** એમાં દૂધનો બગાડ થાય છે તેવું વિચારનારાઓએ પહેલા વિચારવાની જરૂર છે કે લગ્નપાર્ટીઓમાં થતા રસોઈના બગાડોની કિંમત અબજોની રકમમાં થાય છે. રીસર્ચના નામે અનેક વાંદરા અને સસલા જેવા પ્રાણીઓના જીવન દફનાવી દેવાનું પહેલા બંધ કરાવવાની જરૂર છે. કેમિકલ ફેક્ટરીઓમાં અબજો લીટરના પાણીના વેડફાટને અટકાવવાની જરૂર છે. **ધર્મની સમજણ વગરના અનેક નાસ્તિકો ધર્મ માટે**

**એલફેલ બોલે તે સજ્જનો અને યોગ્ય ધર્મી જીવોએ સાંભળવાની કે મનમાં લેવાની જરૂર નથી.** પુણ્યાત્માઓએ ગુરુ ભગવંતો પાસેથી સારા વાંચનથી સાચી સમજણ, સાચું તત્ત્વ મેળવી **ઉત્તમ અનુષ્ઠાનો એ મોક્ષના માર્ગ જ છે એવી પ્રબળ શ્રદ્ધા ઉભી કરવાની જરૂર છે. જાગતે રહો !!!**

## (૧૦) ટ્રસ્ટી હો તો આવા !

ઉત્તર ગુજરાતમાં ઋણી તીર્થ પાસે ઉણ ગામ. થોડા વર્ષ પૂર્વે મનસુખભાઈ ટ્રસ્ટી હતા. પર્યુષણના દિવસોમાં અને તે પૂર્વે જે ચડાવાની રકમ બોલાઈ હોય તે અંગે જાહેરાત કરેલી કે **સંવત્સરી પછીના પારણાના દિવસે સંઘના કોઈપણ ભાગ્યશાળીની ચડાવાની રકમ ભરવાની બાકી હશે ત્યાં સુધી હું પારણું નહીં કરું !!** એ વર્ષે પારણાના દિવસે તપાસ કરતા ૫-૬ ભાગ્યશાળીઓની રકમ બાકી હતી. પાંચમે બીજા ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું. ત્રણ જણ રકમ ભરી ગયા. છઠ્ઠનો ત્રીજો ઉપવાસ કરતાં અઠ્ઠમ થયો. બીજા ત્રણે પણ રકમ ભરી દીધી. સાતમના પારણું થયું. એ વર્ષથી માંડી સંઘમાં એક સુંદર પરંપરા ઉભી થઈ કે **સંવત્સરીના પારણા પૂર્વે બધાની રકમો ભરાઈ જાય છે. કોઈ બાકી રાખતું નથી.** ટ્રસ્ટી હોય તો આવા !!

વર્તમાનમાં ટ્રસ્ટીઓએ આ પ્રસંગને સામે રાખવાની ખૂબ જરૂર છે. સંઘ જેને પોતાનો લાગે તેના માટે આ વાત છે. કૃષ્ણનગર સંઘ, અમદાવાદના બિપીનભાઈ જ્યારે પણ સંઘમાં પ્રમુખના હોદ્દે હતા ત્યારે ૩૫૦૦ ભાવિકોના સંઘના

**સ્વામિવાત્સલ્યમાં સવારે ૧૧ વાગે આવીને બધાને આવકાર આપે અને લગભગ બધાનું વાપરવાનું પૂર્ણ થયા બાદ લગભગ બે વાગે વાપરવા બેસતા.**

## (૧૧) સતી સીતાના વંશજો જાગો !!

એક ભાગ્યશાળી વંદન કરવા માટે આવ્યા. આરાધના અંગે પૂછતાં તેમણે પોતાની આરાધનાઓ જણાવી. આગળ જણાવતા બોલ્યા કે આયંબિલખાતામાં ઘણા વર્ષોથી પીરસવાની-સંભાળવાની ભક્તિ કરતો હતો. હમણાંથી જતો નથી. કારણ પૂછતા જણાવ્યું કે ગુરુદેવ ! આયંબિલમાં પીરસવા જઈએ અને મારા ભાવ બગડે તેના કરતાં ન જવું વધુ સારું. મારે ઊભા ઊભા લાઈનમાં આગળ વધતા પીરસવાનું હોય. કેટલાક શ્રાવિકા બેનો તેના મર્યાદાસભર વસ્ત્રો પહેરતા હોય છે. પરંતુ કેટલાંક દુપટ્ટો અને સાડી બરોબર ગળા સુધી ઢાંકતા નથી. ઊભા ઊભા એમની થાળી સાથે ક્યારેક નજર બેનોના છાતીના અંગો પર પડી જાય છે. ગળેથી ખૂબ ખુલ્લા વસ્ત્રોને લીધે અને દુપટ્ટો વિગેરે બરોબર ગળા સુધી ન ઓઢે તેથી આવું ઘણીવાર થવા લાગ્યું. શરૂ શરૂમાં મનને સમજાવતો પરંતુ અમે સંસારીને તો ઇન્દ્રિયો પરનો કાબૂ ઘણીવાર જતો રહે. મનમાં ક્યારેક વિકાર, ખરાબ વિચારો આવવાના શરૂ થયા. છેવટે નક્કી કર્યું કે આ તો આરાધના કરવા જતા મોટી વિરાધના થાય છે. એટલે પછી જવાનું બંધ કરી દીધુ. જાહેરમાં શ્રાવિકાઓને આ અંગે હું કશું કહું તે બરોબર નથી, એના કરતા ન જવું વધુ ઉચિત લાગ્યું.

વાચકોને એટલી પ્રેરણા કે આ શ્રાવક તો ધર્મી તથા પ્રભુના

વચનોના જાણકાર હતા. જ્યાં વેઈટરો પીરસતા હશે ત્યાં શું થતું હશે ? વેઈટરોની દૃષ્ટિઓ કેવી હશે ? ઘણું વિચારવા જેવું છે. આજે પણ બિલ્ડીંગના બાંધકામોથી માંડી તગારા ઉપાડનારા ઘણા મજૂર બેનો સાડી છેક માથા સુધી ઢાંકીને આખો દિવસ કામ કરે છે. આજે પણ ઘણીય યુવા શ્રાવિકાઓ પણ પૂરું માથુ ઢાંકીને, દુપટ્ટા બરોબર ઓઢીને ભક્તિ કરે છે. છતાંય કોક બેનોના આવા વિચિત્ર વર્તનથી ક્યારેક કોઈ અધર્મ પામે તેનું પાપ કોને માથે ? મહાનિશિથ જેવા આગમ સૂત્રોમાં જણાવ્યું છે કે હાથે કરીને, જાણવા છતાં જે બેનો પોતાના ઢાંકવા યોગ્ય અંગો બરોબર ઢાંકે નહીં, એવા જીવને અનેકવાર સાતમી નરક સુધીની દુર્ગતિઓ ભોગવવી પડે છે. શ્રાવિકા બેનોને ખાસ પ્રેરણા કે તમે સહુ સતી સીતા અને અનુપમાદેવીના વારસદાર-વંશજ છો, ઉત્તમ કુળના છો. આ અંગે ખૂબ જાગૃત રહેશો. પૂજાભક્તિની જિનાજ્ઞા જો તમે ઉલ્લાસથી આરાધો જ છો, તો પછી કપડાં વ્યવસ્થિત પહેરવા વગેરે સાવ સરળ જિનાજ્ઞા દરેક જૈને પાળી સ્વ પર આત્મહિત સાધવું. આટલી વાત પરથી પારદર્શક વસ્ત્રો, ટૂંકા વસ્ત્રો, ચપોચપ વસ્ત્રોનો ત્યાગ બહુ જરૂરી છે તે સમજી લેશો.

## (૧૨) ભાવનગર એટલે સાચે ભાવવાળું નગર

ભાવનગરમાં પૂનમ આયંબિલ મંડળ છેલ્લા આશરે ૪૨ વર્ષથી ચાલે છે. હાલમાં પણ દર પૂનમ પછીના પ્રથમ રવિવારે સામૂહિક આયંબિલ ભાવનગર ગામના આયંબિલ ખાતામાં આશરે ૯૦૦-૧૦૦૦ની સંખ્યામાં થાય છે. આ મંડળના સભ્યો આશરે ૧૧૦૦ ઉપરાંત છે. આયંબિલ કરનાર દરેકને રૂ. ૫૦ની પ્રભાવના

ઉપરાંત ઘરેથી પાણી લાવે તેને રૂ. ૧૦ની પ્રભાવના અલગ કરવામાં આવે છે.

ભાવનગરમાં જૈન ઉપરાંત અનેક અજૈન ડૉક્ટરો એવા છે કે જે સાધુ-સાધ્વીને જોવા ઉપાશ્રયમાં આવે અને એ પણ ફ્રી. સામેથી શ્રાવકો પૂછે તો પણ વીઝીટ ફી વિગેરે એક રૂપિયો પણ ન લે. કેટલીક લેબોરેટરીવાળા તથા ઍક્સ-રે વિગેરે રીપોર્ટવાળા પણ એક રૂપિયો લીધા વગર રીપોર્ટ કાઢી આપે.

વટામણ ચોકડીથી માંડી ભાવનગર સુધી સાધુ-સાધ્વીના વિહાર માટે વિહારધામ, રસોડાની વ્યવસ્થા કરનાર શ્રી શત્રુંજય વિહારધામ ટ્રસ્ટ ચાલે છે, જે ખૂબ જોરદાર ભક્તિ કરે છે.

કૃષ્ણનગર, ભાવનગરમાં જૂનો ઉપાશ્રય સાવ નાનો હતો. છેલ્લા વર્ષોમાં આરાધકોની, ઘરોની સંખ્યા ખૂબ વધતા નવો ઉપાશ્રય બનાવાની જરૂર પડી. સાધુ-સાધ્વીના બંને જૂના ઉપાશ્રયો જમીનદોસ્ત કરી એક સાથે ૫૦૦ ભાગ્યશાળી બેસે તેવા ભવ્ય મોટા બે આરાધના ભવનો તૈયાર થયા. **લાખો રૂપિયાના ખર્ચનો લાભ લેનાર વ્યક્તિએ પોતાનું નામ ક્યાંય લખાવ્યું નથી !!** લાભાર્થીના શબ્દોમાં કહીએ તો **'અમને લાભમાં રસ છે, નામમાં નહીં.'**

## (૧૩) બોલવામાં વિવેક

મહાસુખનગર સંઘ, અમદાવાદમાં વિ.સં. ૨૦૬૯નું ચાતુર્માસ થયા બાદ શેષ કાળમાં એક વાર રોકાયા હતા ત્યારે એક

યુવાન નાના ચાર વર્ષના દીકરાને લઈને વંદન કરવા આવ્યો. મેં બાળકને પૂછ્યું કે હું વહોરવા આવ્યો ત્યારે તારા ઘરમાં બા હતા એ કોણ હતા ? અમારા ચાતુર્માસ વખતે ન હતા.

બાળક બોલ્યો, "એ તો મારા દાદી છે. અમારી સાથે રહે છે." બાળકના જવાબની સાથે જ તુરંત એના પપ્પાએ દીકરાને કહ્યું કે, "બેટા ! આવું ન કહેવાય. **બા આપણી સાથે રહે છે એમ નહી આપણે બાની સાથે રહીએ છીએ. એમ બોલાય,** હવે ધ્યાન રાખજે."

પ્રસંગ તો આમ બહુ નાનો છે પરંતુ વર્તમાનના યુવાનો-વહુઓએ આને ઊંડાણથી વિચારવાની જરૂર છે. વર્તમાનની ભણેલી-ગણેલી (?) પેઢીને પોતાની જાતનું જ્યારે અભિમાન આવે છે, ત્યારે પોતાના ઉપકારીઓ, વડીલોની સાથે તિરસ્કારવાળા વાણી અને વર્તન ચાલુ થાય છે. વડીલ વકીલ જેવા લાગે છે. સરળતા, નમ્રતા એને કહેવાય કે સારા કામોનું અભિમાન કરવાને બદલે એનું શ્રેય વડીલોને આપવું. જૈન ધર્મમાં વપરાય સુંદર શબ્દ "દેવગુરુ પસાય." સંસારમાં જ્યારે સફળતા મળે ત્યારે હવે આટલું બોલતાં શીખવું - "દેવ-ગુરુ-માતા પિતા પસાય."

## (૧૪) સાધર્મિક ભક્તિ

અમદાવાદની નજીકના એક ગામમાં એક ખાનદાન પરિવારને કર્મના ઉદયે માથે દેવું વધતું ચાલ્યું. એક બાજુ ૧૨ લાખનું દેવું થઈ ગયું હતું અને બીજી બાજુ જીવનનિર્વાહ-ખાવાપીવા માટે કોઈ રકમ હતી નહિ. દેવું કેમ ચૂકવવું, સમાજમાં

આબરૂ કેમ બચાવવી, ખાધા-પીધા વગર કેમ જીવવું, આવા અનેક પ્રશ્નો જ્યારે પરિવાર સામે આવીને ઊભા થયા, ત્યારે અંતિમ નિર્ણય લેવાયો કે **હમણાં જ ઝેરની બોટલ લાવી આપણે બધા ઝેર પીને પ્રભુને વહાલા થઈ જઈએ.** પરિવારનો એક સભ્ય દુકાનવાળાને અન્ય કારણ બતાવી ઝેરની બોટલ લઈ આવ્યો. દુકાનવાળાને કે અન્ય કોઈને શંકા પડતા ૨-૪ જણને વાત કરી. **અમદાવાદના એક સાધર્મિક પ્રેમીને કોઈએ આ વાત કરી.** તુરંત જ એ પુન્યશાળી એ પરિવાર પાસે પહોંચી આશ્વાસન આપી ૧૨ લાખ દેવાના તો ચૂકવ્યા, ઉપરાંત બીજી કેટલીક વ્યવસ્થાઓ કરી. એ પરિવારને જીવતદાન મળી ગયું.

ધન્ય હો સાધર્મિક ભક્તિની ભાવનાને !

## (૧૫) નવકાર જપને સે

એ ભાઈને કર્મના ઉદયે ખૂન કેસમાં કોઈએ ફસાવી દીધા. કેસ ચાલ્યો અને જનમટીપની સજા થઈ. સંબંધી દ્વારા ગુરુભગવંતે નવ લાખ નવકાર ગણવાની પ્રેરણા કરી. **ખૂબ શ્રદ્ધાથી નવ લાખનો જાપ કરવા લાગ્યા.** નવકારના પ્રભાવે માત્ર પાંચ મહિનમાં સજા માફ થઈ અને ઘરે આવી ગયા.

## (૧૬) માંગવા જેવું સમાધિ મૃત્યુ

વિ.સં. ૨૦૬૫ અમદાવાદથી શેરીસા ૬"રી" પાલક સંઘના મુખ્ય લાભાર્થી અમથાભાઈ. અમથાભાઈ તથા બંને દીકરીઓની ભાવના ખૂબ ઉત્તમ. શેરીસા સંઘ સિવાય પણ ઘણા સંઘોમાં નવપદ ઓળી વિગેરેનો લાભ લીધો.

એક વાર એમના ઘેર વહોરવા જવાનું થયું. એમની ઉંમર એ વખતે આશરે ૯૧ વર્ષ. માંગલિક સંભળાવ્યા બાદ મેં પૂછ્યું કે અમથાભાઈ ! તબિયતને લીધે બહાર દર્શન કરવા જઈ શકતા નથી તો **ઘરમાં પ્રભુજી પધરાવો, અને શક્તિ હોય તો ઘર દેરાસર કરો.** એમણે હા પાડી.

બંને દીકરીઓ વિચાર કરે કે પિતાજીને પૂર્વે જ્યારે પૂછ્યું ત્યારે ના પાડતા, તો આજે કેમ અચાનક હા પાડી ? ચાલો ! જે પણ હોય, પિતાજી સાથે ફરી વાત કરી સંમતિ મેળવી. અતિ હર્ષથી ઘર દેરાસર માટેના ભગવાનનું નક્કી કર્યું. ૧૧ ઇંચના ધાતુના પ્રતિમાજીનો ઓર્ડર આપવા માટે પાલીતાણાના વેપારીને ફોન કર્યો. વેપારીએ જણાવ્યું કે આમ તો ૭ ઇંચ સુધીના પ્રભુજી અમે તૈયાર રાખીએ છીએ પરંતુ ૯, ૧૧ ઇંચના પ્રભુજી બનાવતા ૨-૩ મહિના લાગે, પરંતુ હમણાં જ એક ભાગ્યશાળીને ૧૧ ઇંચના બે પ્રભુજીની જરૂર હતી. ત્યારે અમે ગમે તે કારણે ૩ પ્રભુજી બનાવ્યા છે. તમારે જોઈતા હોય તો એમાંથી એક વધારાના અમારી પાસે છે. દીકરીઓને થયું કે જાણે પરમાત્માએ આપણા માટે જ પહેલેથી ભગવાન બનાવીને તૈયાર રાખ્યા છે !

આજુબાજુમાં પૂછતાછ કરતા એક પરિવાર પાલીતાણા ગાડી લઈને ગયેલ હતો. પ્રભુજીની રકમ ચૂકવી વેપારી પાસેથી લાવવાનું તેમને ફોનથી જણાવ્યું. **એક દિવસમાં તો પ્રભુજી અમદાવાદ આવી ગયા.** મને બતાવવા લાગ્યા ત્યારે મેં કહ્યું કે રોજ આટલા મોટા વજનદાર ભગવાન પ્રક્ષાલાદિ માટે ઉંચકવા સહેલા નથી. વિચારી લેજો. બંને દીકરીઓનો એક જ સૂર નિકળ્યો,

**"અમને તો આ પ્રભુજી ગમી ગયા છે, બધું દેવ-ગુરુકૃપાએ સારું જ થશે."** અને તેમણે પ્રભુની મૂર્તિ આ જ નક્કી કરી નાખી.

આ પ્રભુની અંજનશલાકા કરાવવા માટે તપાસ કરતાં સમાચાર મળ્યા કે એક દિવસ બાદ વડોદરામાં અંજનશલાકા ચાલુ થવાની હતી. બંને દીકરીઓ વડોદરા પ્રભુજીને મહોત્સવમાં મૂકીને આવ્યા. મહોત્સવ પૂર્ણાહૂતિ વખતે બાજુમાં રહેનારો પરિવાર એ પ્રભુજીને પોતાની સાથે અમદાવાદ લઈને આવ્યો ત્યારે જે પુણ્યશાળીએ ૧૧ ઇંચના પ્રભુજી ૨-૩ કલાક ગાડીમાં ખોળામાં રાખ્યા હતા, તે બોલ્યા કે **આટલા વજનદાર પ્રભુ હોવા છતાં મને તો જાણે કાંઈ વજન જ ન લાગ્યું !!!**

પરમાત્માની અમદાવાદમાં પધરામણી થયા બાદ પ્રતિષ્ઠા માટે ૨ દિવસ પછીનું જ મૂહુર્ત ઉપાધ્યાયશ્રી વિમલસેન વિ. મહારાજે આપતા નવકાર જૈન સંઘ, વાસણા દેરાસરમાં પ્રભુજી ૨ દિવસ રાખ્યા. ફાગણ સુદ નોમના દિવસે વાજતે ગાજતે પ્રભુજીને સકલ સંઘ સાથે લાવી ગૃહજિનાલયમાં પ્રતિષ્ઠા કરાવી. નવકારશીનો લાભ પરિવારે લીધો.

મારા ઘરદેરાસરના પ્રશ્ન અંગે એમની હા પછી માત્ર પંદર દિવસમાં આ પ્રતિષ્ઠા સંપન્ન થઈ. **પંદર જ દિવસમાં પ્રભુજી મળવા, અંજનશલાકાનો યોગ મળવો, લાવનારા મળી જવા, આ બધી વ્યવસ્થાઓ ખૂબ આશ્ચર્ય સભર હતી !!!**

અમથાભાઈને ખૂબ જ આનંદ હતો. વારંવાર શાંતિનાથ પ્રભુનો જાપ કરતા અમથાભાઈ ખૂબ ભાવુક બની જતા. માત્ર ૧૨ મહિના બાદ અમથાભાઈએ ખાવા-પીવાનું છોડી દીધું.

દીકરીઓએ, સંબંધીઓએ ઘણું સમજાવ્યું પણ ન માન્યા. સાધ્વીજી જ્યારે વહોરવા આવ્યા ત્યારે અમથાભાઈને પૂછ્યું કે કેમ નથી ખાવું ?

અમથાભાઈએ જવાબ આપ્યો, **"સીમંધરસ્વામી પ્રભુ પાસે અઠ્ઠમનું પચ્ચક્ખાણ લીધું છે.** હવે અઠ્ઠમ કરી મારે આ ભવમાંથી ત્યાં જવાનું છે !" બધા જોતા અને સાંભળતા આશ્ચર્ય પામતા. ત્રણ દિવસ ખૂબ ઉત્તમ ભાવો સાથે ચોવિહાર અઠ્ઠમની પૂર્ણાહૂતિની સાથે આયુષ્ય પણ પૂર્ણ કરી અમથાભાઈએ દેહ છોડ્યો. **અંતિમ સમયે પણ ઉત્તમ સ્વસ્થતા, સમાધિ, આનંદ અનેરો હતો.**

અંતિમ દિવસોમાં ગૃહ જિનાલયની એમની ભાવના સાકાર બની ગઈ. એમના ગૃહજિનાલયના શાંતિનાથ પ્રભુને જોઈને ઘણા પૂછે છે કે આ પ્રભુ તો ખૂબ પ્રાચીન દેખાય છે. આ વર્ષે જ પિતાજીની સ્મૃતિમાં બંને દીકરીઓએ ત્રિદિવસીય ૬"રી" પાલક સંઘ સોનગઢથી પાલીતાણાનો સુંદર રીતે કાઢ્યો અને દાદાના દરબારમાં માળ પહેરી.

## (૧૭) શ્રી નવકાર મહામંત્રજાપનો પ્રભાવ

અમદાવાદના ભર ઉનાળાના દિવસો. બે વર્ષ પૂર્વેની આ વાત છે. જેઠ મહિનામાં હેતને ભયંકર ગરમીના પ્રભાવે ટાઈફોઈડ અને કમળાની ભેગી અસર થઈ. હેતના પપ્પા જાગૃતભાઈને ડૉક્ટરોએ હેતને હોસ્પિટલમાં દાખલ કરવાની ખાસ સૂચના કરી.

જાગૃતભાઈને જૈન ધર્મમાં ખૂબ શ્રદ્ધા. પૂ.પંન્યાસ શ્રી કનકસુંદર વિ. મહારાજના ઘણા કામો સંભાળે એટલે તુરંત હેતને લઈ પૂજ્યશ્રી પાસે પહોંચ્યા. પૂજ્યશ્રીએ ભાવથી નવકારમંત્ર બોલાવ્યો અને સૂચના કરી કે **બે દિવસ આખો પરિવાર વધુમાં વધુ નવકાર ગણે અને પછી જુઓ નવકારનો પ્રભાવ.** શ્રદ્ધાળુ પરિવાર પ્રેરણાને ઝીલી નવકાર જાપમાં ઓતપ્રોત બન્યો. ત્રીજે દિવસે રીપોર્ટો કરાવતા બધા નોર્મલ આવ્યા. માત્ર બે જ દિવસમાં રીપોર્ટમાં આટલો બધો ફેરફાર-નોર્મલ જોઈ ડોક્ટરો પણ આશ્ચર્ય પામ્યા. ભાવથી બોલજો કે,

*"નવકાર જપને સે સારે દુઃખ મિટતે હૈ."*

એક વાર હેત જોરદાર આંચકા સાથે નીચે પડ્યો. હાથ પર બધું વજન આવી જવાથી ભયંકર દુઃખાવો થઈ ગયો. ડોક્ટર પાસે માંડ માંડ લઈ ગયા ત્યારે ડૉક્ટરે પાટો બાંધ્યો. એ વખતે દુઃખાવાને લીધે હેત ચીસો પાડતો હતો. ડૉક્ટરે જણાવ્યું કે, દોઢ મહિના સુધી આ પાટો રાખવો પડશે. ગળામાંથી દોરી જેવું ભરાવી હાથને સ્થિર કરાવી દીધો. આ જ પાટા સાથે પૂ.પં. શ્રી કનકસુંદર વિ. મ. પાસે વાસક્ષેપ કરાવવા લઈ ગયા ત્યારે પૂજ્યશ્રીએ પ્રેરણા કરી, **"નમો સિદ્ધાણં" આ પદની જેટલી વધુ નવકારવાળી ગણશો તેટલું જલદી દર્દ ગાયબ થશે.** હવે તો હેત પણ ખુદ દર્દ ભૂલી 'નમો સિદ્ધાણં'નો જાપ ભાવથી કરવા લાગ્યો. ૧, ૨... કુલ ૮ કલાકના **'નમો સિદ્ધાણં' પદના જાપના પ્રભાવે દુઃખાવો સંપૂર્ણ ગાયબ થઈ ગયો !** હાથ ઉંચો-નીચો જાતે કરતો થયો. પાટો પણ છોડી નાંખ્યો અને જ્યારે હાડકાના ડૉક્ટરને આ વાત કરી ત્યારે

ડૉક્ટર આશ્ચર્ય પામ્યા. ક્યાંક લખાયું છે કે ભગવાન ક્યાં છે ? એમ ન પૂછશો. **પૂછવું હોય તો એમ પૂછો કે ભગવાન ક્યાં નથી ?'**

આજે પણ પરમાત્મા વીતરાગના ધર્મના અચિંત્ય પ્રભાવો, પરચા અવશ્ય મળે છે. **ચાલો, આપણે પણ નાસ્તિકતાની અધમ કેડી છોડી આસ્તિકતાની પરમ કેડી પર શ્રદ્ધાથી ડગ ભરી પરમ પદને પામીએ એ જ પ્રભુને પ્રાર્થના !**

## (૧૮) નવસ્મરણથી નવસિદ્ધિ

એ પરિવારમાં માતા ખૂબ ધર્મી હોવાથી બંને પુત્રોને પણ ધર્મના સંસ્કારો ખૂબ આપેલાં. કંદમૂળ ત્યાગ, અભક્ષ્ય ત્યાગ, રોજ નવકારશી-જિનપૂજા વિગેરે આરાધના કરાવતી. મોટો દીકરો શંખેશ્વરની જાત્રા મહિનામાં એક વાર કરે.

પ્રસંગ એવો બન્યો કે ઉપરના માળે મિસ્ત્રી પરિવાર રહેતો હતો. મિસ્ત્રીની દીકરી અને તેની મા પણ ઘણીવાર યાત્રા કરવા પાલીતાણા, શંખેશ્વર વિગેરેમાં જોડે આવતાં. ધીરે ધીરે બંને પરિવારનો પરિચય, અવરજવર વધવા લાગી. મોટા દીકરાને મિસ્ત્રીની દીકરી સાથે પ્રેમ થયો. દીકરાએ માને વાત કરી કે હું તો લગ્ન ઉપરવાળી મિસ્ત્રીની છોકરી જોડે જ કરીશ. માએ ઘણું સમજાવ્યો કે **લગ્ન તો જૈન કુળની કન્યા સાથે જ કરાય. જૈન કુળના સંસ્કાર ઉત્તમ હોય. જીવદયા એના લોહીના અણુ અણુમાં હોય.** માટે આપણે જૈન કન્યા સાથે લગ્ન ગોઠવીશું.

પણ દીકરો ન માન્યો. માએ પ્રભુને પ્રાર્થના ભાવથી કરી

અને રોજ સવારે નાહીને પૂજાના વસ્ત્રોમાં નવ સ્મરણની આરાધના શરૂ કરી. **તાંબાની વાડકીમાં પૂજાની અનામિકા આંગળીને રાખે અને નવકાર, ઉવસગ્ગહરં, સંતિકરં, ભક્તામર, મોટી શાંતિ ગણી પાણી દીકરાને પીવડાવે.** દિવસો વીતતા ચાલ્યા અને માત્ર ગણતરીના દિવસોમાં **દીકરાએ સામેથી માને જણાવ્યું કે તારી વાત બરોબર છે.** હું હવે જૈન કન્યા સાથે જ લગ્ન કરીશ ! મને માફ કરી દે. માને હાશ થઈ.

જિનશાસનમાં મળેલા નવ સ્મરણના દરેક સ્મરણની દરેક ગાથા પણ મહા પ્રભાવિક છે. વિધિપૂર્વક જો એની સાધના કરવામાં આવે તો આજે પણ ઘણા ભાવિકોએ એના અનુભવ કરેલા છે. જેમ કે **એક પુણ્યશાળીનું પાકીટ ખોવાઈ જતા ભક્તામર સ્તોત્રની ૧૧મી ગાથા ભાવથી ગણવા માંડી તો ગણતરીની મિનિટોમાં પાકીટ પાછું મળી ગયું !**

વાચકો ! જીવનમાં સાચી શ્રદ્ધાને સ્થાન આપશો તો ડૉક્ટરો, વકીલો વિગેરેના લાખો કરોડોના ખર્ચાઓથી બચી ઘણા લાભો થશે. લાખો ખર્ચીને ઓપરેશન કર્યા પછી પણ ઘણા કેસ ફેઈલ થાય છે. પ્રભુના મંત્રો ક્યારેય નિષ્ફળ જતા નથી.

## (૧૯) નંદુરબાર સંઘનું અનુમોદનીય કાર્ય

મહારાષ્ટ્રના નંદુરબારનો સંઘ અને સુશ્રાવક ચંદનમલજીની જિનશાસનની સેવા બેજોડ છે.

❊ ૫૦ જેટલા સાધર્મિકોને દ્રવ્યથી પગભર બનાવ્યા છે.

❊ ઘણાં વર્ષથી રેલવે સ્ટેશન પર ઉકાળેલા પાણીની વ્યવસ્થા રાખી છે.

❊ રેલવે સ્ટેશન પર આયંબિલ અને એકાસણાની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

❊ નંદુરબારની આસપાસ ૫૦ કિલોમીટર સુધી સાધુ-સાધ્વી ભગવંતોની વૈયાવચ્ચ બરાબર કરાય છે.

❊ ૮ વર્ષથી રોજ ૧૬ કિલો લોટની રોટલી બનાવી કૂતરાને ખવરાવવામાં આવે છે.

## (૨૦) અદ્‌ભુત જૈનો

ગ્વાલિયરમાં ત્રણ માળની હોટલ છે. તેના માલિક જૈન છે. આજીવિકા માટે આ ધંધો કરવો પડે છે. જૈનાચાર વિરુદ્ધ કંદમૂળ તો ક્યાંય હોટલમાં વાપરવું જ નહીં એવો એમનો દઢ સંકલ્પ છે. **સાધુ-સાધ્વી ભગવંતોને વિહાર દરમ્યાન ઉતરવાની વ્યવસ્થા પણ સરસ કરી આપવાની.** ખજુરાહો પાસે તેઓ મોટી હોટલનું નિર્માણ કરવાની ઈચ્છા રાખતા હતા. જ્યાં વિદેશી પ્રવાસીઓનું આગમન થતું હોય અને સ્વાભાવિક તેઓ માંસાહાર આદિ જ માંગતા હોય ત્યાં પણ તેઓ જૈન ફૂડ જ આપવાની ઈચ્છા ધરાવતા હતા અને હવે તે થઈ જ ગયું હશે. **તેઓ એવી વાનગી તેમની હોટલમાં આપે છે જેથી પ્રવાસીઓ માંસાહાર તો શું કંદમૂળ પણ નથી માંગતા !!**

## (૨૧) સાધુ ભગવંતના પગલાંનો પ્રભાવ

એક સંઘમાં પ્રતિષ્ઠાનો જોરદાર માહોલ હતો. મહોત્સવ નગરથી થોડે દૂર મોટા ગ્રાઉન્ડમાં રાખવામાં આવ્યો હતો. સાધુ-સાધ્વી ભગવંતોને નજીક પડે તે હેતુથી દુકાનની દીવાલ તોડવી પડે એવી હતી. જો એવું કરવામાં આવે તો એકાદ કિલોમીટર ઓછું થાય. ત્રણ દુકાનમાંથી એક દુકાનદારે જૈન સાધુ ભગવંતો પ્રત્યેના સદ્ભાવના કારણે પોતાની દુકાનની દીવાલ તોડી રસ્તો બનાવવા દીધો. મહોત્સવ દરમ્યાન વિશાળ સાધુ-સાધ્વી સમુદાયના તેમજ સંઘના પગલા થવાથી તેનું આંગણું પવિત્ર બન્યું. **દુકાન ચાલુ કર્યા પછી ગુરુભક્તિ, સંઘભક્તિના પ્રભાવથી પ્રથમ વર્ષે તેને ચાલીસ લાખ મળ્યા !**

## (૨૨) અનુમોદના

(૧) ભાવનગર દાદાસાહેબ ઉપાશ્રયના શ્રાવક અંતુભાઈએ ગ્લાન મહાત્માઓની અપૂર્વ સેવા, જુગુપ્સા મોહનીયકર્મ ઉપર વિજય મેળવવા પૂર્વક અપૂર્વ સમાધિ આપીને કરી છે. અંતુભાઈ સુશ્રાવકે ૭૦ વર્ષ સુધી ૬૪ પ્રહરી પૌષધ સાથે અટ્ઠાઈની આરાધના કરી. કોઈ શ્રાવક લોચ કરાવે તો પોતે બહુમાન કરે. વર્ષો સુધી બન્ને ઓળી રોટલી અને કરીયાતુ ૨ દ્રવ્ય પૂર્વક કરી. કમાલ, કમાલ.

(૨) ૧૨૦ કીલો વજનવાળા અજૈન રીક્ષા ડ્રાઈવરે ગિરિરાજની ચોવિહારા છઠ્ઠ સાથે ૭ યાત્રા કરી.

(૩) સુશ્રાવક ખેતશીભાઈ બન્ને દીકરીઓને લઈને ગુરુદેવ

પાસે આવ્યા. ખોળામાં માથું મૂકી ચોધાર આંસુએ રડ્યા અને કહ્યું, "ઓ ગુરુદેવ ! હું તો સંસારના ખાડામાં પડ્યો, પણ આ બે દીકરીઓનો ઉદ્ધાર કરો." સંતાનોને સંયમપ્રદાન કરાવવાની કેવી ઉંચી પરિણતિ !

(૪) પ્રેમલભાઈ કાપડીયાએ પૂ. દેવચન્દ્રજીની ચોવીશી અર્થસહિત પ્રાચીન ચિત્રો સહિત સાડા સાડત્રીસ લાખ રૂપિયાનો ખર્ચ કરી પ્રકાશિત કરી. કેવી ઊંચી શ્રુતભક્તિની પરિણતિ !

(૫) એક જ દિવસે એક જ સમયે ૫૦ થી વધુ શહેરો, ૮૫ થી વધુ સંઘો દ્વારા ૧ લાખ ૮ હજાર સામાયિકનું એક સાથે ભવ્ય સામૂહિક અનુષ્ઠાન થયું. ખૂબ ખૂબ અનુમોદના !!

(૬) મુંબઈના પ્રદીપભાઈએ લગભગ ૨૭ વખત ૯૯ યાત્રા પૂર્ણ કરી. એકવાર ૮ મહીનામાં ૭ વખત ૯૯ યાત્રા કરી છે. કાળઝાળ ગરમીમાં કેટલીક યાત્રા ઠામચોવિહારા એકાસણાપૂર્વક કરી છે. ગિરિરાજ પ્રત્યે કેવો ઊંચો પ્રેમ.

(૭) સુશ્રાવક પ્રણવભાઈએ સુપુત્ર આર્યને જન્મ પછી ૩૫૦ ઉપર ગુરુ ભગવંતોના ગુરુપૂજન, વંદન આશીર્વાદ લેવા દ્વારા અમૃતનું કામ કર્યું છે. બાળકને સંસ્કારી બનાવવાની કેવી ઊંચી પરિણતિ !!

(૮) મુંબઈ વાલકેશ્વરના જયશ્રીબેન શૈલેશભાઈ ઝવેરી (ઉ. ૬૨) શત્રુંજયના આદિનાથ દાદાની સાલગિરિ (વૈશાખવદ ૬)ના દિવસે છેલ્લા ૫૫ વર્ષથી દર વખતે હાજર રહી ભક્તિ કરે છે.

## (૨૩) માંત્રિક ઓપરેશન

જામનગરના અસ્મિતાબેનના જીવનની સત્ય ઘટના એમના જ શબ્દોમાં વાંચો. મારા પતિનું નામ કૌશિક શાંતિભાઈ વોરા છે. ચારેક વર્ષ પહેલા જોરદાર એક્સીડન્ટ થયેલ, જેમાં leegament ફાટી ગયેલ. જમણો હાથ અને પગ બંનેમાં ખૂબ જ વાગ્યું હતું. જામનગરમાં ત્રણ-ચાર ડૉક્ટરના ઓપિનિયન લીધા. અમદાવાદના બે મોટા નામાંકિત ડૉક્ટરને એક્સ-રે તેમજ રીપોર્ટ બંને બતાવ્યા. **બધાએ ઓછામાં ઓછા બે ઓપરેશન કરાવવા પડશે તેમ કહ્યું. ઘરના બધા ખૂબ ચિંતામાં હતાં.** ગંભીર ઓપરેશન અને ખર્ચો પણ ભારે.

જે દિવસે હોસ્પિટલમાં દાખલ થવાનું હતું તે દિવસે હૉસ્પિટલ જતાં મેં એક નાના પવાલામાં થોડું પાણી લીધું અને પૂજા કરવાની આંગળી એમાં રાખી. **નવ નવકાર, લોગસ્સ, ઉવસગ્ગહરં, સંતિકરં, ભક્તામર અને મોટી શાંતિ બોલી તે પાણી તેમના પગ ઉપર છાંટ્યું અને બાકીનું તેમને પીવડાવ્યું.** (ઍક્સીડન્ટ થયો ત્યારથી આ ચાલુ કરેલ.) ત્યાર બાદ દાખલ કર્યા. સાંજે ડૉક્ટરે બધું ચેક કર્યું. પગની મૂવમેન્ટ કરી તેમને ટેકા વગર ચલાવ્યા અને ઘણી તપાસના અંતે કહ્યું કે **ઓપરેશનની જરૂર જ નથી. આમને તો ખૂબ સારું છે.** પરંતુ ડૉક્ટર પૂછવા લાગ્યા કે આ ૨-૩ દિવસમાં તમે કઈ કઈ દવા આપી હતી એ અમને જણાવો. વાચકો ! ડૉક્ટરને દવાનું નામ લખીને આપશો ને ?

## (૨૪) પ્રભુની ગાદી

ઘણી જગ્યાએ યતિઓની શ્રીપૂજ્યોની-ભટ્ટારકોની ગાદી જોઈ હશે. સાંભળી હશે... પણ ભગવાનની ગાદી નહીં સાંભળી હોય... તો વાંચો.

ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલ ભોયણી તીર્થ. ભોયણી તીર્થમાં પ્રવેશદ્વારમાં પ્રવેશતા ડાબી બાજુ પેઢી છે... આ પેઢીની અંદર એક **રૂમમાં મલ્લિનાથ મહારાજની (ભગવાનની) ગાદી છે... આ ગાદીને પૂજ્ય ભાવથી અહીં રખાઈ છે... અહીં અખંડ દીપક પણ છે...**

જમીનમાંથી પ્રગટ થયા પછી શ્રી મલ્લિનાથ ભગવાનને આ ગાદી પર પૂર્વે બિરાજમાન કરવામાં આવ્યા હતાં. કોઈ આરસના પબાસણ પર નહીં. આ ગાદી પર જ કેટલાય વરસો સુધી પ્રભુ બિરાજમાન રહ્યા હતા. વિશાળ જિનાલયનું નિર્માણ થયું, ત્યાર પછી આ ગાદી પરથી ઉત્થાપન કરીને જિનાલયમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. બસ, તે પછી આ ગાદી ત્યારથી શ્રી મલ્લિનાથજી મહારાજની ગાદી તરીકે ત્યાં રાખવામાં આવી... રૂમ નવો થયો પણ જગ્યા એની એ જ રહી.

આ મલ્લિનાથજી પ્રભુ વિક્રમ સંવત્ ૧૯૩૦ના વૈશાખ સુદ ૫ના રોજ જમીનમાંથી પ્રગટ થયા હતા. અર્થાત્ આજથી ૧૪૨ વર્ષ પૂર્વે આ પરમાત્મા ભોયણીના કેવળ પટેલના નામના ખેતરમાંથી પ્રગટ થયા હતા... વાત એવી બની કે કેવલ પટેલ પોતાના ખેતરમાં કૂવો ખોદાવી રહ્યા હતા. ત્રણ હાથ જેટલો ખાડો ખોદ્યો ત્યાં બપોર થઈ ગઈ. તેથી કૂવો ખોદવાનું કામ અટકાવી

જમવા બેઠા... ત્યાં જ એ ખાડામાંથી જાતજાતના અવાજો આવવા માંડ્યા. પળવાર માટે તો તેઓ ગભરાઈ ગયા... પણ હિંમત રાખી ત્યાં જ ઊભા રહ્યા... ત્યાં બીજી જ પળે બંદુક જેવો જ અવાજ આવ્યો... પટેલ અને મજૂરો કંઈ સમજે તે પહેલાં જ ખાડામાંથી માટીનો પોપડો ઊંચો થયો. એ પોપડામાં તિરાડ પડી... **અને એમાંથી રંગબેરંગી પ્રકાશ દેખાવા લાગ્યો...** આશ્ચર્ય અને ભયમિશ્રિત લાગણીથી તેઓ તે ખાડાને જોતાં જ રહ્યા... પછી હિંમત કરીને તેઓ ખાડામાં ઉતર્યા... માટીનો પોપડો દૂર કર્યો. **ત્યારે તેમાં ત્રણ પ્રતિમાજી બિરાજમાન હતા.** અત્યારે (વર્તમાનમાં વિદ્યમાન) જિનાલયમાં જે રીતે વચ્ચે શ્રી મલ્લિનાથ ભગવાન અને આજુબાજુ કાઉસ્સગ્ગ મુદ્રામાં શ્રી મહાવીરસ્વામી ભગવાન અને શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમાજી બિરાજમાન છે, તે જ રીતે આ ત્રણેય પ્રતિમાજી ત્યાં બિરાજમાન હતા.

આ મલ્લિનાથજી મહારાજને (ભગવાન) શરૂઆતમાં જે ઓરડીમાં રાખ્યા હતા, તે ઓરડી જીર્ણ થઈ ગઈ ત્યારે નવી ઓરડીમાં આ ભગવાનને બિરાજમાન કરવાનું થયું ત્યારે મલ્લિનાથ ભગવાન બિરાજમાન કર્યા પછી એક કાઉસ્સગ્ગીયા ભગવાનને બિરાજમાન કર્યા... પણ જે બાજુ તેમને બિરાજમાન કરવાના હતા તેને બદલે અન્ય બાજુ બિરાજમાન કરવામાં આવ્યા ત્યારે ત્રીજા ભગવાન પોતાની જગ્યાએથી હલ્યા નહીં... એટલે લોકોને ખ્યાલ આવી ગયો કે ભગવાનના સ્થાનની અદલાબદલી થઈ છે... તેથી તે કાઉસ્સગીયા પ્રતિમાજીને ફરી અત્યારે જે સ્થિતિમાં છે તે જ સ્થિતિ સ્થાન પર બિરાજમાન કરવામાં આવ્યા. તે પછી જ ત્રીજા પ્રતિમાજી પોતાના સ્થાનેથી ઊઠ્યા...

## (૨૫) બાળકનું સમાધિ મૃત્યુ

બ્રેઈન ટ્યુમરનો ભયંકર રોગ ! આટલી નાની ઉંમરના બાળકને ! પિતા જનકભાઈ અને માતા પૂર્ણિમાબેનને દીકરા નિલયના રીપોર્ટ પરથી બ્રેઈન ટ્યુમરના સમાચાર ડોક્ટરે આપ્યા ત્યારે બંનેને ખૂબ જ આઘાત લાગ્યો. દવાઓ અને રેડીએશન વિગેરે સારવારો ચાલુ કરી અને ડૉક્ટરોએ લાખોના ખર્ચે સર્જરી પણ કરી. જ્યારે પુણ્ય સાથ ન આપે ત્યારે શું ? સર્જરી નિષ્ફળ ગઈ અને મા-બાપને દીકરાના મૃત્યુના ભણકારા વાગવા માંડ્યા. વર્ષ આમને આમ વીતી ગયું. એકવાર ગુરુ ભગવંતના પ્રવચનમાં લઈ ગયા, પ્રવચન બાદ ગુરુ ભગવંતને રોગની જાણ થતા બાળકને તથા પરિવારને **ધર્મની તથા સમાધિની મહત્તા સમજાવી, મક્કમ થવા જણાવ્યું,** નિલય પોતે પણ એ સાંભળી મક્કમ બન્યો. લગભગ દોઢ વર્ષ વીતી ગયું.

આખું વિશ્વ જ્યારે ઈ.સ. ૨૦૦૬ની ઉત્તરાયણ મનાવતું હતું ત્યારે સુરતના આ પરિવારમાં નિલયનો પ્રસંગ એની મા પૂર્ણિમાબેનના શબ્દોમાં જ વાંચો. "૧૪-૧-૨૦૧૬ ના સાંજે રોજની જેમ સાંજે ૭ વાગે ઘરમાં રાખેલા દર્શનીય પ્રભુજી પાસે નિલયને અમે ચૈત્યવંદન-ભક્તિ કરાવી. એમાં પલંગમાં એ આડો પડ્યો અને હું ઘરના કોઈક કામમાં લાગી."

૯-૩૦ વાગ્યાનો ટાઈમ હતો અને અંદરના રૂમમાંથી પલંગ પર હાથ પછાડવાનો અવાજ આવ્યો. અમે સૌ દોડ્યા. એણે મને કહ્યું કે, "મમ્મી બહુ ગભરામણ થાય છે." મેં તેને કહ્યું, **"ગભરાઈશ નહીં, નવકારમંત્ર ગણ. બધું જ સારું થઈ જશે."**

નવકાર યાદ કરાવતાં એ તદ્દન શાંત થઈ ગયો અને મેં ફક્ત 'નમો અરિહંતાણં' બોલી કોલન વોટર લગાવ્યું તથા થોડું પાણી પીવડાવ્યું. ત્યારબાદ તેણે મને કહ્યું કે મને બેઠો કર. મારાથી શ્વાસ નથી લેવાતો. આ વાત તેણે જરાપણ અકળાયા વગર તદ્દન શાંતિથી કરી. હું તેને બેઠો કરવા લાગી ત્યાં તો તેણે આંખો ચડાવી દીધી. આથી હું ગભરાઈ ગઈ. તેને બેઠો કર્યો તો તે આખો વાંકો વળી ગયો. જાણે કે મોઢા સિવાય તેના બાકીના શરીરમાં ચેતના જ ન હોય. તેમ શરીર લુઝ થઈ ગયું, આથી હું વધારે સજાગ બની ગઈ. **સાત લાખ સંભળાવ્યા, ચાર શરણાં સ્વીકારાવ્યા. આહાર અને શરીરના ત્યાગના પચ્ચક્ખાણ આપી વોસિરાવ્યું.** તથા મેં કહ્યું, **"બેટા ! મહાવિદેહમાં જજે, સીમંધરસ્વામી પ્રભુ પાસે દીક્ષા લઈ કેવળજ્ઞાન પામજે."** જેટલાં ઘરમાં હતા તે બધા અમે સાથે મળીને એક તાલમાં મોટેથી આખો નવકાર બોલવા લાગ્યા. લગભગ ૨-૩ નવકાર ગણાયા હશે ત્યાં તેની દાઢી ત્રણવાર હાલી અને તે આદિ આદિ બોલીને શાંત થઈ ગયો.

બધી ક્રિયા પતી ગયા પછી રાત્રે જ્યારે સગા-વહાલા મળવા આવે ત્યારે અમે સહુને જણાવ્યું કે **અત્રે શોક કરવાને બદલે જેને જે સ્તવનો આવડે, સ્તુતિ વિ. જે આવડે તે ગાઈને પ્રભુ ભક્તિ કરો. એમ લગભગ ૨ દિવસ કર્યું."**

## (૨૬) અજૈનની યોગ્યતા

આગમોમાં જીવને ધર્મ પામવાની યોગ્યતા માટે 'મંદ મિથ્યાત્વ અવસ્થા' જણાવી છે. ગાઢ મિથ્યાત્વી જીવો આ યોગ્યતા

ધરાવતા નથી. મંદ મિથ્યાત્વી જીવોનું મિથ્યાત્વ મંદ પડવાથી વીતરાગ પરમાત્મા જેવા સુદેવ, પંચ મહાવ્રતધારી ગુરુ ભગવંતો જેવા સુગુરુ, વીતરાગે બતાવેલા ધર્મ જેવો સુધર્મ. આ ત્રણે સુદેવ-સુગુરુ-સુધર્મ પ્રત્યેનો દ્વેષ ખૂબ ઘટે છે. ધીરે ધીરે આ ત્રણનો પ્રશસ્ત રાગ પ્રગટે છે. આવા જીવો જૈન ન હોવા છતાં તેમનામાં ગુણોનો આંશિક વિકાસ જોવા મળે છે.

વિ.સં. ૨૦૭૧નું ચાતુર્માસ અમદાવાદ, ઘાટલોડિયામાં થયું. સંઘમાં સાધુ ભગવંતનું ચાતુર્માસ પ્રથમવાર થયું. સહુમાં ખૂબ ઉત્સાહ જોવા મળ્યો. સંઘમાં સાધ્વી ભગવંતો ઉપાશ્રયમાં ચાતુર્માસ રોકાયા. સંઘમાં ઉપાશ્રય એક જ હોવાથી અમારે બંગલામાં રોકાવાનું થયું કે જે સંઘે ભાડે લીધો હતો. ચાતુર્માસ વખતે કદાચ મકાન ભાડે ન મળે તો મુશ્કેલી ન આવે તે માટે ચાતુર્માસની જય બોલાવ્યા પછી સાત મહિના તથા ચાતુર્માસના ચાર મહિના મહિના એમ કુલ ૧૧ મહિના સંઘે ભાડે મકાન રાખ્યું. જે બંગલામાં અમે પ્રથમ માળે રોકાયા હતા, તેના મકાનમાલિક હિમાંશુભાઈ (ઉ. ૪૬ વર્ષ) તેમના માતુશ્રી (ઉ. ૮૦ વર્ષ) સાથે બે જણ નીચે રહેતા હતા.

અષાઢ ચોમાસી ચૌદસના દિવસે પ્રતિક્રમણમાં ઘણી સંખ્યા થવાથી ઉપર બેસવું શક્ય ન હતું. ટ્રસ્ટી નીચે બહારના ખુલ્લા ભાગમાં બેસવા માટે હિંમાશુભાઈને પૂછવા ગયા. **હિંમાશુભાઈએ તુરંત જ હા પાડી ! ઉપરાંતમાં સાથે આવીને ખુલ્લા ભાગને ઢાંકવા માટે દોરી, કપડું વિગેરે પોતે બંધાવવા આવ્યા. હિમાંશુભાઈએ સામેથી કહ્યું, ‘‘આ નીચેનો ભાગ ભલે ભાડે નથી આપ્યો. પરંતુ**

**આ ઘરની બહારના ખુલ્લા ભાગનો તમારે જ્યારે ઉપયોગ કરવો હોય ત્યારે ખુશીથી કરજો !"** પછી તો પ્રાયઃ ચારે મહિના પ્રતિક્રમણ નીચે જ થયું. પર્યુષણમાં ૧૩૦-૧૪૦ જેટલી ભાઈઓની સંખ્યા થતી. તો પણ ત્યાં જ પ્રતિક્રમણ થયા. જગ્યા થોડી ઓછી પડતાં હિમાંશુભાઈએ પોતાનો હીંચકો, સોફા વિગેરે ઝાંપાની બહાર મૂકાવી દીધા !! **આગળ વધીને પોતાના ડ્રોઈંગ રૂમમાં બેસવા માટે પણ હા પાડી.**

સંઘમાં રવિવારીય એકાસણા માટે એક રવિવાર પોતાને ત્યાં થાય તેનો પણ આગ્રહ કર્યો અને પોતાની જગ્યામાં ૨-૩ વાર એકાસણા, નવકારશી વિ. ભાડુ લીધા વગર કરવા દીધા.

પયુર્ષણમાં સવારના પ્રતિક્રમણ ૫-૩૦ વાગે થાય તો પોતે ૪-૩૦ વાગે ઉઠી આખી જગ્યામાં કચરો, પોતું જાતે મારે ! સાંજે પણ પ્રતિક્રમણ પૂર્વે જાતે કચરા, પોતા મારી જગ્યા ચોખ્ખી કરી નાંખે. કોઈપણ કામ બતાવીએ તો ભક્તિથી તરત કરે.

ચાતુર્માસ અમારા આવતા પહેલાં કોઈક વ્યક્તિએ હિમાંશુભાઈને ઊંધુ સમજાવવાનો પ્રયત્ન કર્યો, "જૈનોના મહારાજને ન અપાય. આપણને તકલીફ પડે..." આવું ઘણું સમજાવવા છતાં હિમાંશુભાઈએ એની વાત ન સાંભળી. રવિવારીય શિબિરો પણ સાંભળવા તે આવતાં.

સંઘે ખૂબ ભક્તિથી પયુર્ષણમાં તેમનું બહુમાન કર્યું ત્યારે ખૂબ સમજાવ્યા પછી માંડ માંડ બહુમાન લીધું. વર્ષોથી ચાતુર્માસ પૂર્વે હિમાંશુભાઈ સાંજે ૨-૩ કલાક કોઈકની જોડે એમનેમ સમય

પસાર કરવા વાતો કરતા. અમે ચાતુર્માસ આવ્યા બાદ અમારી-(ગુરુની) સેવા માટે એ પણ બંધ કરી દીધું !

મકાનમાં એક રૂમમાં અંધારું પડતું હોવાથી દીવાલમાં ૩ × ૫ ફૂટ જેટલો ભાગ બારી મૂકવા માટે તોડવાની વાત કરી તો તુરંત સંમતિ આપી !!! સંઘે બોલાવેલ માણસ તોડવાનું કામ કરવા આવ્યો ત્યારે જોવા પણ ન આવ્યા. **એ કહે કે ગુરુજીને જેમ અનુકૂળ પડે તેમ કરો. એમાં મને કોઈ વાંધો નથી.**

પર્યુષણ બાદ અમે સાધુઓ ૨-૩ દિવસ પૂ. ગચ્છાધિપતિશ્રીને વંદન કરવા ગયા. પાછા આવ્યા ત્યારે હિમાંશુભાઈ બોલ્યા, **"ગુરુજી ! આપના વગર બે દિવસ કાઢવા અઘરાં લાગ્યા, બધુ સુનું સુનું લાગતું હતું."**

શહેરની પોળોમાં દર્શન કરવા ઘાટલોડિયા સંઘના ભાવિકો ગયા ત્યારે હિંમાશુભાઈ પણ જોડે ગયા. આશરે ૧૫ દેરાસરના દર્શન કર્યા. પૂ. ગચ્છાધિપતિશ્રીના દર્શન કરવા પણ સંઘની જોડે ચાલતા ગયા. ચાતુર્માસ બાદ વિહાર પછી પણ હિમાશુભાઈ અમને વંદન કરવા અન્યત્ર આવ્યા. આજે પણ હિમાંશુભાઈ જેવા અન્ય ઘણા અજૈનોને વિહારના ગામોમાં ભક્તિ કરતા જોઈએ ત્યારે એ જીવોની હળુકર્મિતા દેખાય. **આવા જીવો નજીકના કાળમાં વીતરાગનું શાસન પામીને મોક્ષમાર્ગમાં આગળ વધી જતા હોય છે.** અમદાવાદ-પાલીતાણા વિહારના અનેક સ્થળોમાં ઢગલાબંધ અજૈનો ગોચરી ભાવથી-વિનંતીપૂર્વક વહોરાવતા જોયા છે. ભૂરિ ભૂરિ અનુમોદના.

## (૨૭) ચમત્કારિક બચાવ

અંધેરી મુંબઈના એ શ્રાવિકાબેને અનુભવેલો ચમત્કાર એમના જ શબ્દોમાં વાંચો. મારા સસરાજીને ૮ નવે. ૨૦૧૪ના હરણિયાના ઓપરેશન માટે હોસ્પિટલમાં દાખલ કર્યા. તેમની ઉંમર ૮૯ વર્ષ. ઓપરેશન એકદમ સરસ રીતે પતી ગયું. બે દિવસ પછી રજા મળવાની હતી અને અચાનક ફેફસામાં પાણી ભરાઈ ગયું. તેની દવા કરવા ગયા તો આડ અસરથી કીડની પર અસર થઈ અને કેસ જરા ગંભીર થઈ ગયો. તેમને I.C.U માં રાખ્યા. બે દિવસ પછી મોનીટર પર 0 આવી ગયું. તો ડૉક્ટરોએ કહ્યું કે, ‘‘હાલત ખરાબ છે. હવે જીવન-મરણનો પ્રશ્ન છે.’’ અમે કુટુંબના સર્વ સભ્યો હાજર હતા. વિનંતીથી ડૉક્ટરે અમને બધાને અંદર જવા દીધા અને અમે લોકોએ **નવકારની ધૂન, ચાર શરણા સંભળાવવાનું ચાલુ કર્યું. મોબાઈલ પર ભગવાનના દર્શન કરાવ્યા. સિદ્ધાચલ, શંખેશ્વર આદિ તીર્થોના દર્શન કરાવ્યા** અને તેમણે પણ કહ્યું કે, ‘‘તમે નવકાર ચાલુ રાખો’’ અને અમે સહુએ પણ નવકારધૂન ચાલુ રાખી. થોડી વારમાં મોનીટર પર બધું નોર્મલ આવવા માંડ્યું અને તેમની તબિયત સારી થઈ ગઈ ! ડૉક્ટરો તથા સીસ્ટરોએ કહ્યું કે, ‘‘તમારો મંત્ર ખરેખર જાદુઈ છે. મોટો ચમત્કાર થઈ ગયો. તમારા મંત્રને સો સો સલામ !!’’

## (૨૮) સંયમ માટે બલિદાન

મુંબઈમાં રહેનારી એ ફેશનેબલ, મોડર્ન સ્ત્રી. હોટલ, થિયેટરમાં આનંદ માનનારી એ શોખીન. ગોવાલિયા ટેન્ક જૈન

સંઘમાં પૂ.આ. શ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ.સા. ચાતુર્માસ પધાર્યા. એ જ અરસામાં આ બેનને પેટમાં સંતાન રહ્યું હતું. અને એમને ભાવ જાગ્યા કે મારે વ્યાખ્યાન સાંભળવા જવું છે. જ્ઞાનસારના વ્યાખ્યાનો સાંભળતા સાંભળતા ધીરે ધીરે એ બેનમાં પરિવર્તન આવતું ગયું ! **એ શોખીન બેને એ ચોમાસામાં કુલ ૪૦ નિયમો ગ્રહણ કર્યા.** ઘણા લોકો એમના નિયમો સાંભળીને કહેતા કે આ બેન આ નિયમો લઈ જ ન શકે.

માનો યા ન માનો પણ એ બેન હવે શ્રાવિકા બન્યા. શાસ્ત્રોમાં જણાવ્યું છે કે **આવનાર બાળકના પ્રભાવે પણ ઘણીવાર માતામાં પરિવર્તન આવે જેમકે સુવિધિનાથ પ્રભુ અને મુનિસુવ્રતસ્વામી પ્રભુ** માતાના ગર્ભમાં પધાર્યા ત્યારે તે પ્રભુના પ્રભાવથી માતાએ ઉત્તમ વ્રતોને ગ્રહણ કર્યા એટલે પ્રભુનું નામ સુવિધિ અને સુવ્રત (મુનિસુવ્રત) પાડવામાં આવ્યું. અહીં પણ કદાચ બાળકના પ્રભાવે અને જિનવાણીના પ્રભાવે પરિવર્તન આવ્યું.

પરિવર્તન પામેલી આ શ્રાવિકાએ દૃઢ સંકલ્પ કર્યો કે મારે આવનાર સંતાનને સંયમના માર્ગે જ આગળ વધારવો છે. ૯ મહિના બાદ દીકરાનો જન્મ થયો અને નામ પાડ્યું ચૈત્ય. માએ ચૈત્યને ખૂબ ધાર્મિક સંસ્કારો આપવાનું ચાલુ કર્યું. ગુરુ ભગવંતોને જાણે કે વહોરાવી જ દીધો અને દીક્ષા આપવા માટે હા પાડી દીધી પરંતુ પરિવારના ભયંકર વિરોધને લીધે ચૈત્યની દીક્ષા ન થઈ શકી.

માને ખૂબ અફસોસ થયો. પરિવારના સૌને સમજાવવાનો

પ્રયત્ન કરવા છતાં સફળતા ન મળી. છેવટે **માએ જોરદાર સંકલ્પ કર્યો કે મારા દીકરાને દીક્ષા ન મળે ત્યાં સુધી મારે આયંબિલ !!**

૧, ૨, ૩, ... ૧૦૦, ..., ૨૦૦, ... ૬૦૦ આયંબિલ થયા. ગિરનાર ચોમાસુ આરાધના કરવા ગયેલી માએ અત્યાર સુધી કુલ સળંગ ૬૭૫ આયંબિલ કર્યા. અને અચાનક એની તબિયત લથડી. પરિવારના હજી તો કંઈક ઉપાય કરે એ પહેલા તો **શ્રાવિકાના જીવનનો દીવડો બુઝાઈ ગયો.** પરિવાર જનોને ખૂબ આઘાત લાગ્યો. માનો ન માનો પરંતુ માના બલિદાનના પ્રભાવે પરિવાર જનોએ ચૈત્યને દીક્ષાની સંમતિ આપી દીધી. ગણતરીના દિવસોમાં દીક્ષાનું મુહુર્ત નીકળ્યું અને **ચૈત્યની દીક્ષા ધામધૂમ સાથે પરિવારે ઉજવી.** આજે ચૈત્ય સાધુ બનીને લગભગ ચાર-પાંચ વર્ષથી સંયમની સુંદર આરાધના કરી રહ્યો છે.

કદાચ આજે એ શ્રાવિકા મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને ૪ વર્ષની ઉંમરે ઉત્તમ સંસ્કારો મેળવી રહ્યા હશે. ૮ વર્ષની ઉમરે દીક્ષા, ૯ વર્ષની ઉંમરે કેવળજ્ઞાન પામી અનુપમા દેવીની જેમ અનેકને પમાડે અને અંતે મોક્ષસુખને પ્રાપ્ત કરે એ જ પ્રભુને પ્રાર્થના !

## (૨૯) મહા તપસ્વીને ક્રોડો વાર વંદન

શ્રી વીર પ્રભુના નિર્વાણ પછી ૨૫૦૦ વર્ષના પ્રાપ્ત ઈતિહાસમાં શ્રાવિકા દ્વારા સૌ પ્રથમવાર ૪૯૪ દિવસમાં ૪૩૯ ઉપવાસ કરીને ઉગ્ર તપસ્યા રુપ **"શ્રી ગુણરત્ન સંવત્સર"** તપની

આરાધના તપસ્વીરત્ના સુશ્રાવિકા **જ્યોતિબેન રણજીતકુમાર શાહે** ૬૫ વર્ષની જૈફ વયે શાતાપૂર્વક પરિપૂર્ણ કરી છે. તેમના આ દિવ્ય તપને વધાવવા 'તપોવંદના'નો ભવ્ય કાર્યક્રમ તા. ૬ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ સાંગલી (મહારાષ્ટ્રમાં) રાખવામાં આવ્યો હતો.

સુશ્રાવિકા **જ્યોતિબેને ૩ વર્ષની** નાની ઉંમરથી શરૂ કરેલા તપનો યજ્ઞકુંડ ૬૩ વર્ષની વય સુધી સતત ચાલુ રહ્યો છે. જેમાં ૫ વાર ચાર માસી તપ, ૭ વાર છ માસી તપ, ૭ વાર બે માસી તપ, ૧ દ્રવ્ય થી નવપદજીની ઓલી, ૨ વાર શ્રેણીતપ, સિદ્ધિ તપ, વીશ સ્થાનક તપના ૪૦૦ ઉપવાસ ૪ વર્ષમાં પૂર્ણ, દિવાલીમાં કાયમ અઠ્ઠમ, ઉપધાન માળના દિવસે કાયમ અઠ્ઠમ, પોષ દશમનો કાયમ અઠ્ઠમ, ૪૩ વર્ષથી ક્રિયા સાથે ચૈત્ર પૂનમનો અઠ્ઠમ, છેલ્લા ૨ ઉપધાન અઠ્ઠમથી પૂર્ણ કર્યા. સહસ્રકુટ તપના ૧૦૨૪ ઉપવાસ ૩ વર્ષમાં (આશરે ૧૦૯૫ દિવસમાં) ક્ષીર સમુદ્ર, જ્ઞાન પાંચમ, બીજ, આઠમ, અગ્યારસ, ચૌદસનો તપ, ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમ, ભવઆલોચના ૨૭૦ ઉપવાસથી પૂર્ણ, ૧૪ પૂર્વના ૧૪ ચૌવિહાર ઉપવાસ સળંગ, પાર્શ્વનાથ-વીર પ્રભુના ગણધર તપ, ૧૮ વર્ષથી સલંગ છઠ્ઠથી ઓછું પચ્ચ. નથી કર્યું. ૩૨ ઉપવાસ, ૧૦૦ દિવસમાં ૭૫ ઉપવાસ, ૮૦ દિવસમાં ૭૨ ઉપવાસ, નવકાર તપ, સળંગ ૨ વર્ષીતપ છઠ્ઠથી અને ૩ વર્ષીતપ અઠ્ઠમથી, વીર પ્રભુના ૨૨૯ છઠ્ઠ, સમવસરણ તપમાં ૮૮

દિવસમાં ૮૫ ઉપવાસ કર્યા, ૧૫૩ ઉપવાસ કરી ૧ પારણું પછી ૪૫ આગમના ૪૫ ઉપવાસ સળંગ. ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ ૪ ઉપવાસ સુધીના બધા જ તપો ચોવિહારા કર્યા, ચતારી-અઠ્ઠ-દસદોય તપ ૫ વાર, ૭ ઉપવાસ, ૧૬ ઉપવાસ, ૧૧ ઉપવાસ, ૧૮ વાર અઠ્ઠાઈ, ગૌતમકમલ તપ, અષ્ટપ્રતિહાર્ય તપ, શાંતિનાથ તપ, ૩ વાર ૯ ઉપવાસ, ૧૮ વર્ષથી ચોમાસામાં ચારે મહિના ઓછામાં ઓછું અઠ્ઠમના પારણે અઠ્ઠમ, ૨૫ વર્ષથી શાશ્વતી ઓળીમાં પહેલો, છેલ્લો અઠ્ઠમ, ૨૫ વર્ષથી ૩ ચોમાસીઓની અઠ્ઠાઈમાં છેલ્લે અઠ્ઠમ.

જ્યોતિબેને ગુણરત્ન પ્રથમના સંવત્સર તપમાં પણ વિશેષ આરાધના કરી છે તે હાથ જોડીને વાંચો. પ્રથમના ૩ મહિના સુધી ચોવિહાર અઠ્ઠમના પારણે ચોવિહાર અઠ્ઠમ સળંગ, ૪થા મહિનામાં માસક્ષમણ, ૫માં મહિનામાં શાશ્વતી ઓળીના દિવસોમાં ૧૫ ઉપવાસ, ૭માં મહિનામાં ચોમાસી અઠ્ઠાઈમાં ૮ ઉપવાસ, ૮મા મહિનામાં પહેલા ૮ ઉપવાસમાં કરાડથી કુંભોજનો છ'રી પાલિત સંઘ, યાત્રામાં ૮મા ઉપવાસે, ગિરિપૂજનપૂર્વક કુંભોજગિરિ તીર્થની યાત્રા કરી.

## (30) ધન્ય શ્રાવક-શ્રાવિકા

સિદ્ધગિરિની યાત્રાએ નીકળેલાં જગતભાઈ અને જિજ્ઞાબેન. જિજ્ઞાબેનને પુસ્તકો વાંચન કરવાથી માંડી પરીક્ષાઓ

આપવાનો ભાવ ઘણો. તળેટી રોડ પર 'કર્મનું કમ્પ્યૂટર' પુસ્તકનું વેચાણ થતું જોયું. શ્રાવિકાએ શ્રાવકને પુસ્તક પેપર લેવા માટે પૃચ્છા કરી. જગતભાઈએ સંમતિ આપતા પુસ્તક પેપર લઈ ધર્મશાળાએ આવ્યા. રાત્રે જગતભાઈને પુસ્તક જોઈને થયું કે એક બે પાનાં જોઈએ તો ખરા ! પૂ.આ. શ્રી મેઘદર્શનસૂરીશ્વરજીએ પુસ્તકમાં ખૂબ સુંદર લખાણ કરેલ હતું અને સંક્ષિપ્તમાં કર્મ ફિલોસોફી હતી. વાંચતા જગતભાઈએ એક જ બેઠકે આખું પુસ્તક પૂર્ણ કર્યું. પુસ્તક વાંચનનો જાદુ એ થયો કે હવે એક પછી એક નવા પુસ્તકો વાંચતા ગયા અને જ્ઞાન ખૂબ સારું મળવા લાગ્યું. ધર્મ સમજાતો ગયો અને જીવનમાં ખૂબ જાગૃતિ આવી.

આજથી ૯ વર્ષ પૂર્વે જગતભાઈ અને જિજ્ઞાબેનના વર્ષીતપની શરૂઆત થઈ. જગતભાઈનો હાલ સળંગ નવમો વર્ષીતપ ચાલુ છે અને જિજ્ઞાબેનને પ્રથમ વર્ષીતપના પારણાનુ એક વર્ષ છોડી ત્યાર પછી તો સળંગ સાતમો વર્ષીતપ ચાલુ છે.

જગતભાઈની નવ વર્ષીતપની આરાધના હાથ જોડીને વાંચો.

- પ્રથમ એકથી પાંચ વર્ષીતપ દરમિયાન ગૌતમ કમલ તપ, છઠ્ઠ થી નિગોદ નિવારણ તપ, મોક્ષ દંડક તપ.
- છઠ્ઠો વર્ષીતપ આયંબિલથી કર્યો. જેમાં ૨૪ તીર્થંકર અને ૨૦ વિહરમાન પ્રભુજી = કુલ ૪૪ પ્રભુજીની આરાધના

માટે નીચે પ્રમાણે વિશેષ કર્યું.

| ઉપવાસ | સંખ્યા | કુલ ઉપવાસ | આયંબિલ | વિશેષતા |
|---|---|---|---|---|
| એક | ૪૬ | ૪૬ | ૪૬ | એક દ્રવ્ય, ૧૦ મિનિટ |
| છઠ્ઠ | ૪૪ | ૮૮ | ૪૪ | બે દ્રવ્ય, ૨૦ મિનિટ |
| અઠ્ઠમ | ૪૪ | ૧૩૨ | ૪૪ | ૩ દ્રવ્ય, ૩૦ મિનિટ |
| | | **૨૬૬** | **૧૩૪** | **= ૪૦૦ દિવસ** |

- સાતમો વર્ષીતપ આયંબિલથી કર્યો જે દરમ્યાન ચાતુર્માસમાં સિદ્ધિ તપ કર્યો.
- આઠમો વર્ષીતપ આયંબિલથી કર્યો. જે દરમ્યાન ચાતુર્માસમાં માસક્ષમણ કર્યું. આયંબિલથી તેનું પારણું કરીને **બીજા જ દિવસથી ચઢતા ક્રમે સિદ્ધિતપ ચાલુ કર્યો** જેમાં ૪૪ દિવસમાં ૩૬ ઉપવાસ, ૮ આયંબિલ કર્યા. એનું પારણું આયંબિલથી કરી તુરંત જ ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧ એમ ઉતરતા ક્રમથી સિદ્ધિતપ કર્યો જેમાં ૨૮ ઉપવાસ ૭ આયંબિલ કર્યા. એ ચોમાસામાં કુલ ૧૦૩ ઉપવાસ, ૧૯ આયંબિલ કર્યા.
- નવમો વર્ષીતપ હાલ આયંબિલથી ચાલુ છે. જે દરમ્યાન ચાતુર્માસમાં ૧૧૦ દિવસનો શ્રેણીતપ કર્યો. જેમાં ૭૩

ઉપવાસ, ૩૭ આયંબિલ કર્યા. આ ફા.વ.૮ થી દસમો વર્ષીતપ શરૂ થઈ ગયો છે.

એક મહિના પૂર્વે પૂ. આ શ્રી મેઘદર્શનસૂરીશ્વરજીએ પાંચમી પીઠીકાની આરાધના કરી ત્યારે અનુમોદના રૂપે ચાલુ વર્ષીતપમાં સળંગ ૧૬ ઉપવાસ કર્યા ! જેનું પારણું આયંબિલથી કર્યું.

જગતભાઈ જિનાજ્ઞાગ્રુપના પ્રોગ્રામમાં જિનાલય શુદ્ધીકરણ માટે જતાં પૂર્વેનો સર્વે રીપોર્ટ તૈયાર કરી, વ્યવસ્થાઓની વિચારણા કરી અને શુદ્ધીકરણ દરમ્યાન તે તે દેરાસરોમાં રહી વ્યવસ્થામાં ધ્યાન આપે છે. જિનપૂજા અભિયાનમાં અમદાવાદની પોળોમાં દર રવિવારે ૬૦૦ ભાવિકો ૧ વર્ષ સુધી પૂજા કરવા આવે તેમની વ્યવસ્થામાં હતા. જૈન આદર્શ પ્રસંગો પુસ્તકોનું પણ સંભાળે.

થોડા મહિના પૂર્વે એક વાર જેસલમેર શુદ્ધીકરણ માટે ગયા હતા. અઠ્ઠમનો તપ હતો. રાત્રે ૧૦ વાગે લગભગ ૧૦૩ જેવો તાવ ચડ્યો. શ્રાવિકા અન્ય સ્થાને બેનો સાથે રોકાયેલા હતા. અણાહારી દવાઓ શ્રાવિકા પાસે હતી. **રાત્રે ૧૦ વાગે બેનોના ઉતારામાં ન જવાય તેવી આચારની મર્યાદાને સમજેલા હતા** એટલે દવા મંગાવી નહી. નવકાર, ઉવસગ્ગહરંનો જાપ કરતા કરતા સૂઈ ગયા. સવારે ઉઠ્યા ત્યારે તાવ ઉતરી ગયો હતો. શરીર સ્વસ્થ હતું.

એક વાર આયંબિલ કરવા બેઠા ત્યારે થોડું વાપર્યું અને એક શ્રાવિકાબેન આયંબિલ કરવા ભાઈઓની લાઈનમાં જગતભાઈથી પાંચ-છ ભાઈઓને છોડીને બેઠા. સળંગ એક જ આસન પાથરેલું હતું. પોતાની સાથે એટલે દૂર બેઠેલા બેનનું એક જ આસન થતાં જેટલું થાળીમાં હતું તે વાપરી અડધા આયંબિલે મોઢું ચોક્ખું કરીને ઊભા થઈ ગયા ! બીજીવાર પણ આવું જ બન્યું.

જિજ્ઞાબેને છેલ્લા ૯ વર્ષમાં કરેલા ૮ વર્ષીતપની આરાધના :

વર્ષીતપમાં ચાતુર્માસમાં સિદ્ધિ તપ, સાતમા વર્ષીતપમાં ચાતુર્માસમાં માસક્ષમણ, આઠમા વર્ષીતપમાં ચાતુર્માસમાં શ્રેણી તપ કર્યો. આ ઉપરાંત ૫ વાર ૯ ઉપવાસ, બે વાર ૧૦ ઉપવાસ, એકવાર ૧૧ ઉપવાસ, ૧ વાર ગૌતમ કમળ તપ, પ્રદેશી રાજા તપ, અષ્ટાપદ તપ, રોહિણી તપ, નિગોદ-નિવારણ તપ, શત્રુંજય તપ, મોક્ષદંડક તપ, કષાય નિવારણ તપ, ગણધર તપ, જ્ઞાનપંચમી તપ, મૌન અગિયારસ તપ, નવકાર તપ, મેરુ બંધનની ઓળી, ક્ષીર સમુદ્ર તપ, વીસ સ્થાનક તપ, વિગેરે અનેક તપ કરેલ છે.

જગતભાઈ અને જિજ્ઞાબેને નવપદની દરેક ઓળી એક ધાનથી, એક દ્રવ્યથી કરી છે.

## (૩૧) પાલીની પવિત્રતા

રાજસ્થાનના પાલી શહેરમાં વર્ષોથી એક સુંદર પરંપરા આજે પણ સચવાયેલી છે. **દર વર્ષે પર્યુષણના આઠ દિવસ જૈનો-અજૈનો સહુ પોતાની દુકાનો સંપૂર્ણપણે બંધ રાખે છે !**

વાચકો ! જો અજૈનો પણ પર્યુષણમાં પોતાની દુકાનો બંધ રાખે તો જૈનોએ બધા જ શહેરોમાં પોતાની દુકાન બંધ રાખવી જોઈએ.

જન્માષ્ટમી, ઇદની જાહેર રજાની જેમ જૈનોએ જ્યારે ચૈત્ર સુદ તેરસ, વીર પ્રભુના જન્મની જાહેર રજા માંગી ત્યારે સરકારના એ પ્રધાને એટલું જ જણાવ્યું કે જો **વીરપ્રભુના જન્મ દિવસે જૈનો સંપૂર્ણપણે પોતાની દુકાનો બંધ રાખે તો અમે એ દિવસે જાહેર રજા આપીશું.** હે જૈનો ! સહુ તૈયાર છો ને ?